નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ, દેવીદયાલ રોડ, સર્વોદય નગર, તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771



# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



Kamlesh Namkeen! Har Din...
www.namkeenhardin.com



વર્ષ : ૨૭ ● અંક : ૨૪ ● સળંગ અંક : ૧૩૪૦ ● મુંબઈ ● બુધવાર ● તા.૩ જુલાઈ – ૯ જુલાઈ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦



Manav STUDIO BY KANTI GALA

# MANAV ENTERTAINMENTS

R.R.T. Road, Mulund (West), Mumbai - 400 080.

સ્નેહીજનો,

માનવ એન્ટરટેઈનમેન્ટ આપની સમક્ષ ૨૦૨૪ – ૨૦૨૫ માં નવા વિચારો સાથે એન્ટરટેઈનમેન્ટ પ્રોગ્રામો આપ સહુની સમક્ષ લઈને આવી રહ્યા છીએ. આપ સર્વનો સહકાર અને સાથ અમને મળશે એવી અમારી આશા છે.

જુલાઈ – ૨૦૨૪ થી શરૂ થતા નવા વર્ષમાં માનવ એન્ટરટેઈનમન્ટ પોતાના કાર્યક્રમો રજુ કરશે, જે નીચે પ્રમાણે રહેશે, કુલ વર્ષના ૧૫ પ્રોગ્રામ આપવામાં આવશે



KALIDAS AUDITORIUM, MULUND (WEST)
JULY 2024 to JUNE 2025



વર્ષ ૨૦૨૪ – ૨૦૨૫ માટે લવાજમ દર કપલ દીઠ

| ROW | RATE |
|---|---|
| A, B, | 18000/- |
| C to G | 15000/- |
| H to K | 12000/- |
| L to O | 9000/- |

HEAVY DISCOUNT ON SIDE SEATS & BALCONY

વર્ષના ૧૫ પ્રોગ્રામ
નવા નાટકો, નવા મુવી, મ્યુઝીકલ નાઈટ, ધૂળેટી ૩૧ ડીસેમ્બર નાઈટ, જેવા વિવિધસભર કાર્યક્રમો
ટ્રાન્સફરેબલ

ALL PROGRAMS ON MONDAY TO SUNDAY, 9.00 P.M. SHOWS

FIX SEAT PROXY ALLOWED

મેમ્બરશીપ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે, તો વહેલામાં વહેલી તકે તમારી અને તમારા મિત્રો અને સગાવહાલાની મેમ્બરશીપ નોંધાવી લેશો, જેથી કરીને તમારી પસંદગીની સીટ મળી શકે.

ગ્રુપ બુકીંગ આવકાર્ય

જે પ્રોગ્રામમાં તમારી અનુકુળતા ના હોય તો બે દિવસ પહેલા જાણ કરવાથી એના બદલામાં બીજા પ્રોગ્રામમાં તમને એડજસ્ટ કરી આપવામાં આવશે.

KANTI GALA (MANAV)
93222 59510

SHREE PRAGATI FOUNDATION's

# HIRA – MONGI NAVNEET HOSPITAL

Care with human touch

ADDRESS: VALJI LADHA ROAD, MULUND (W), MUMBAI-80

PATIENT SAFETY & QUALITY OF CARE NABH ACCREDITED H-2023-1173

Click for more details




022-3504 3541
022-35043544

+91-9321890460

hmnhospital.org

HIRAMONGINAVNEET

HIRA MONGI NAVNEET HOSPITAL

CASHLESS/MEDICLAIM FACILITY AVAILABLE (on request)

## CENTRE FOR

- Kidney Transplant
- Lifestyle Management
- Geriatric Care
- Oncology
- Upcoming Robotic Surgery

## ESSENTIAL SERVICES

* Day care & EMERGENCY
* Inpatient services (I.P.D)
* Outpatient service (O.P.D)
* Operation Theatres
* Intensive Care Unit (I.C.U)
* Pharmacy

- Only FULL NABH Accredited Hospital in Mulund, Mumbai
- Ranked amongst Top 10 Hospital in Central Suburb
- Leading hospital in Multi-Specialty Healthcare Service
- Expertise of Super Specialist Consultants
- Affordable rate & State-of-art Operation Theatre

## OUR SERVICES

- ✓ Anesthesiology and Pain Clinic
- ✓ Audiometry and Speech Therapy
- ✓ Cancer Clinic / Oncology
- ✓ Cardiology
- ✓ Chest & Respiratory Medicine
- ✓ Dentistry & Dental Surgeries
- ✓ Ear, nose and throat
- ✓ Dermatology
- ✓ Dietetics
- ✓ General Medicine
- ✓ Gynecology
- ✓ Hepatobiliary & Gastroenterology
- ✓ Minimal access and General surgery
- ✓ Nephrology (Dialysis/Kidney Transplant)
- ✓ Neurology &Neuro-Surgery
- ✓ Ophthalmology
- ✓ Orthopedic-Surgery of Joint & Spine
- ✓ Pediatrics
- ✓ Physiotherapy
- ✓ Plastic and reconstructive surgery
- ✓ Psychiatry and De-addiction
- ✓ Andrology & Urology








## DIAGNOSTIC SERVICES

- 2-D Echo | ECG | Treadmill Test | Video Endoscopy
- Radio Diagnosis: X-Ray, USG, OPG
- Laboratory Medicines: Clinical Biochemistry, Microbiology, Serology, Pathology, Hematology, Histopathology

## *24/7 SERVICE*

Emergency
X-Ray
Pathology

**Awards and Accolades:** *Highest National Recognition for Patient Safety & Quality: Only Charitable Hospital in Mulund, Mumbai to be fully NABH accredited*
*Best CSR Practice in Healthcare by Healthcare & Wellness Excellency Awards*
*Times Healthcare Leaders Awared: Best Critical Care services in city, top 20 Hospitals in City Multispecialty Rankings, successful leaders in healthcare industry*
*Mid-Day Top Multispecialty Hospital Survey, 2023 - Ranked 4th among top 10 Multi-specialty hospital in Central*

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.

**હેતલ શાહ 98210 59549**

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL

BMC Approved

**Pest Control &**

Also Services For

**Mosquito & Bird Netting**

TO BOOK YOUR SERVICE

80705 23555 / 666 / 777 / 888 / 999

primepestcontrolserve@gmail.com

www.primepestcontrolservices.com

Branch : Mulund (West), Mumbai - 400 080.

Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૨૪ ● સળંગ અંક : ૧૩૪૦ ● મુંબઈ ● બુધવાર ● તા.૩ જુલાઈ – ૯ જુલાઈ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦





# હિંમતવાન સ્વાતંત્ર્ય સેનાની
# યુસુફ મહેર અલી
## સદાય યાદ રહેશે

યુસુફ મહેર અલીએ અનેક ખેડૂત અને ટ્રેડ યુનિયન ચળવળોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, તેમને 'સાયમન, ગો બેક' અને 'ભારત છોડો'ના નારા આપવા માટે શ્રેય આપવામાં આવે છે.

**શાહ દેવચંદ કંપનીએ યુસુફ મહેર અલી રનિંગ સેન્ટરમાં નોટબુકો અર્પણ કરી છે.**

:: સૌજન્ય ::

**મે. શાહ દેવચંદ એન્ડ કું.**

નવી મુંબઈ.

પોસ્ટ ખાતાની વિવિધ બચત
તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863


# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26


અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૨૪ • સળંગ અંક : ૧૩૪૦ • મુંબઈ • બુધવાર • તા.૩ જુલાઈ - ૯ જુલાઈ ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂ.૫.૦૦

### ધારાસભ્ય મિહિર કોટેચાએ વિધાનસભામાં ઉઠાવ્યો મુદ્દો માનખુર્દ વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં

## ગેરકાયદેસર રીતે ઉપર માળ બંધાતા હોવા છતાં કાર્યવાહી શું કામ થતી નથી?



માનખુર્દ વિસ્તારના બેંગનવાડી, રફીકનગર, લોટસ કોલોની, ગૌતમનગર ઈત્યાદી ઝૂંપડપટ્ટી વસાહતોમાં ગેરકાયદેસર રીતે બીજો માળ, ત્રીજો માળ અને ચોથો માળ બાંધવામાં આવે છે. આવા ધોખાદાયક અનધિકૃત બાંધકામ સામે મનપા અધિકારીઓ દુર્લક્ષ રાખી કાર્યવાહી શા માટે નથી કરી રહ્યાં આ ગંભીર મુદ્દો છે અને આવા અધિકારીઓની સામે કાર્યવાહી કરવી જરૂરી છે એવો મુદ્દો તા.૧ જુલાઈ સોમવારના રાજ્ય વિધાનસભામાં ધારાસભ્ય મિહિર કોટેચાએ ઉગ્રતાપૂર્વક ઉઠાવ્યો હતો.

તેમણે એવું પણ જણાવ્યું હતું કે એકાદ હિંદુ બાહુલ્ય વિસ્તારમાં વ્યક્તિ આવી રીતે પોટ માળિયા બાંધે તેની ઉપર તત્કાળ કાર્યવાહી થાય છે પણ લઘુમતી જાતિના લોકો અધિકારીઓના સંરક્ષણ હેઠળ બીજો, ત્રીજો, ચોથો માળ બિનદાસ્ત ચણી ગેરકૃત્ય આચરી રહ્યાં છે. આ પ્રવૃત્તિને કોનું સંરક્ષણ મળી રહ્યું છે તે સઘન તપાસનો વિષય છે.

આ મુદ્દાના જવાબમાં સરકાર તરફથી મંત્રી ઉદય સાવંત દ્વારા વિધાન સભા ગૃહને ખાતરી આપવામાં આવી હતી કે આ મુદ્દો ચોક્કસ ધ્યાન આકર્ષક છે. જેની તાત્કાલિક નોંધ લઈ શાસન આ બાબતની તપાસ કરશે અને આવા ગેરકાયદેસર કૃત્યને સંરક્ષણ આપતા અધિકારીઓની ઉપર કાર્યવાહી કરાશે અને તેમની વિરૂધ્ધ સખત પગલાં લેવા સરકાર મક્કમ છે.

SHOP FOR RENT
330 square feet carpet
Shanti Heights
Goushala Road
Off. J.N. Road
Mulund (West)
With Washroom & Water Connection
14 feet Height & Parking
MANISH JIWANI
CALL : 9930853889

શ્રી વિમલ એસ્ટેટ
4 BHK ટેરેસ અને 2 પાર્કિંગ સાથે, દેવીદયાલ રોડ ગાર્ડનની પાસે.
9819864456
8104009694

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
2 BHK ઝવેર રોડ, 1.65 કરોડ
3 BHK ઝવેર રોડ નેગોશિયેબલ
8169222044






Reg. No. E28149, Mumbai

# શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ



ગગન ગરજે, ને મોરલા બોલે, મથે ચમકે વીજ...
એ હલો, પાંજે પઠ્ઠાપીરજી પહેડી મેં, આવઈ અષાઢી બીજ

પૂજ્ય પઠ્ઠાપીર બાપાને કચ્છ, વાગડ, ગુજરાત, રાજસ્થાન જેવા વિવિધ સ્થળે નમતા, માનતા પરિવારોને
તથા તેમની નિયાણી બહેનોને સતત ૧૮વર્ષથી ધામધૂમથી આયોજાતી સમૂહ પહેડીમાં પધારવાનું **હાર્દિક આમંત્રણ**

## પૂજ્ય શ્રી યોગીરાજ ગોપીચંદ્રનાથ (પઠ્ઠાપીર બાપાની) ૧૮મી સમૂહ પંચાઉદેગ પહેડી

## રવિવાર, તા.૭-૭-૨૦૨૪ સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)

### કાર્યક્રમની રૂપરેખા

**શોભાયાત્રા :** સવારના ૮ કલાકે (ગોકુલ શ્યામ બિલ્ડીંગ, દેવીદયાલ રોડ, મુલુંડ-વેસ્ટથી)
**સ્થાપના :** સવારના ૧૦.૦૦ કલાકે (સારસ્વતવાડી મધ્યે)
**પઠ્ઠાપીર ચાલીસનો પાઠ :** બપોરે ૨.૦૦ થી ૩.૦૦ કલાકે (શ્રી જીયે પઠ્ઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા)
**સંતવાણી :** સાંજના ૪.૦૦ થી ૧૦.૦૦ કલાકે
(કલાકાર : નવીનભાઈ ભાનુશાલી અને સાથી કલાકારો તથા શાંતિલાલ મોજાર)
**ધૂપ આરતી :** સાંજના ૭.૦૦ કલાકે **પહેડીપ્રસાદ :** સાંજના ૬.૦૦ થી ૧૦.૦૦ કલાકે
ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે.

### : વર્ષ ૨૦૨૪ની ૧૮મી સમૂહ પહેડીના મુખ્ય લાભાર્થી પરિવારો :

રતનશી કેશવજી (મમુ) મોજાર પરિવાર (કોઠારા)
રાજુભાઈ નારણદાસ કતીરા (વાયોર)
નરેન્દ્રભાઈ બાબુભાઈ કેસરીયા (ખાવડા)
નરેન્દ્રભાઈ નારાયણદાસ કેસરીયા (સાભરાઈ)
શ્રીમતી મંગલાબેન કાંતિલાલ ભાનુશાલી (નુંધાતડ)
નવીનભાઈ જેઠાલાલ ભાનુશાલી-માવ (નાની વમોટી)
માતુશ્રી બબીબાઈ ઉકેડા મામોટીયા (વિંજાણ)
માતુશ્રી લક્ષ્મીબેન વિશનજી છેડા પરિવાર (નલિયા)
પૂ. શ્રી ડૉ. ખીમજીભાઈ ઉકાભાઇ નરમ (બરંદા)
શ્રીમતી જ્યોતિબેન રાજેશભાઈ ઘેરાઇ (રોહા કોટડા)

### ૧૮મી સમૂહ પહેડીમાં વિશેષ સહયોગી થવાની ઈચ્છા હોય તો આપ સંપર્ક સાધો : 9821189050

**શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ**
૧૨, ગોકુલ શ્યામ, ૩ જે માળે, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૮૦.
M.9821189050 • Website : www.jiyepathapir.com Email : info@jiyepathapir.com

વેલેટ પાર્કિંગની સુવિધા રાખેલ છે.

Print Master- 98199 35288

# ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડમાં સ્પોર્ટ્સ ઇન્જરી ક્લિનિકનું ઉદ્‌ઘાટન ક્રિકેટર અજિંક્ય રાણેના હસ્તે સંપન્ન



ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડ દ્વારા શુક્રવાર, તા. ૨૮ જૂન, ૨૦૨૪ના રોજ અત્યાધુનિક સ્પોર્ટ્સ ઇન્જરી ક્લિનિકની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પોર્ટ્સ ઇન્જરી ક્લિનિકનું ઉદઘાટન પ્રખ્યાત ભારતીય ક્રિકેટર અજિંક્ય રાણેના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. તેમની સાથે ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડના આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ મેડિસિનના કન્સલ્ટન્ટ ડૉ. સનેશ તુનેજા, ફોર્ટિસ હોસ્પિટલ, મુંબઈના બિઝનેસ હેડ ડૉ. એસ. નારાયણી અને ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડના ફેસિલિટી ડાયરેક્ટર ડૉ. વિશાલ બેરી પણ ઉદઘાટન વિધિમાં જોડાયા હતા.આ ક્લિનિક વિવિધ રમતગમત દરમ્યાન થતી ઈજાઓની સારવારમાં ખેલાડીઓ અને રમતગમતમાં સક્રિય લોકોને વિશેષ સારવાર પ્રદાન કરશે.

ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડ દ્વારા રમતગમત દરમ્યાન થતી ઈજાઓ માટે જરૂરી વિશેષ સારવારની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા આ સ્પોર્ટ્સ ઇન્જરી ક્લિનિકની શરૂઆત કરવામાં આવી છે. આ ક્લિનિક વ્યાપક અને સર્વસમાવેશી (comprehensive) સારવાર, ફિઝિયોથેરાપી, પુનર્વસન (rehabilitation) અને તેના બહુ-આયામી (multi-disciplinary) અભિગમ સાથે ખેલાડીઓ અને રમતગમતમાં સક્રિય લોકોને વિશેષ સંભાળ પ્રદાન કરશે. આ ક્લિનિક એ પણ સુનિશ્ચિત કરશે કે દર્દીઓને નિષ્ણાત ડોક્ટર્સ દ્વારા સર્વગ્રાહી સંભાળ અને તેમનું અવિભાજિત ધ્યાન મળે. આ સ્પોર્ટ્સ ઇન્જરી ક્લિનિક એથ્લીટ્સની અસરકારક સારવાર કરવા અને તેમને સર્વગ્રાહી સેવા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે એમ ફોર્ટિસ હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

WADHWA ATMOSPHERE
2 BHK 663 SQ.FT. FRONT FACING POOL SIDE FLAT AVAILABLE IN WADHWA PHASE 1 ATMOSPHERE WITH PARKING
@ 1.88 FLAT COST
(ONLY GENUINE PARTY CAN CALL)
CALL - 9323655055

MONSOON DHAMAKA OFFER
• Ladies underwear Max Brand 3 Piece Box Packing 150/- Per Box
• M to 10XL Kurti, Kurti Pant Set, One-Piece, Western Top, Cord-Sets.
• L to 3XL Unisex Pyjamas 300/-
• M to XL Capri, One-Piece Nighty Buy 3 for 500/- • Kid's Dangari 150/-
Maximum Discount on all Branded Items
HURRY UP CALL & COME
PLEASE NO PHOTOS
Hemangi Dedhia : 9987897979

રેડી પઝેશન
દેવીદયાલ રોડ પર
નવી બિલ્ડિંગ, રેડી પઝેશન
Unuse Flat
2 BHK @1.65 cr*
(715 carpet)
3 BHK @2.35 cr*
(960 carpet)
90226 87343
83697 71377



Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available

श्रीपोलीन पोली तारपोलीन
Manufacture Since 1981
श्री TARPAULINS
100% वॉटर-प्रुफ तालपत्रीयाँ
बारीश आया तैयार हो जाओ !!!
तालपत्रीयाँ की फॅक्टरी




• Black Plastic • Nylon Ropes • Agro Shed Net • PVC Coated Tarpaulins
Shree Tarpaulins Industries
Exclusive Brand Factory Outlet
MULUND 9820230600 / 700 / 800
VASHI - NAVI MUMBAI 9819633397 / 98
GHATKOPAR - ASALFA 9833722191 / 92
GIDC,VAPI - 9426143485 9925138209 / 10
ShreeTarpaulinIndustries
shreetarpaulins
www.shreetarpaulins.com • Email: shreetarpaulins@gmail.com

MARWAD LIBAS
RAKHI SPECIAL EXHIBITION
Thane Mulund Num-1- Special Exhibition Is Back



5 & 6
FRIDAY SATURDAY
July - 2024
Timing: 11am to 8pm
TIP-TOP-PLAZA
Near Teen Hath Naka Thane (W)
CABIN SHOW
LBS. MARG OPP RAHEJA GRADEN



VALET PARKING / FREE ENTRY | dalmia's_exhibitions
Asha Dalmia: 9820033692 | 9833215943

# IMA મુલુંડના નવનિર્વાચિત પ્રેસિડેન્ટ ડો. સંજય શાહનો પદગ્રહણ સમારોહ કાલિદાસમાં સંપન્ન થયો









ઇન્ડિયન મેડિકલ એસોસિએશનની મુલુંડ શાખા એ એક વાઇબ્રન્ટ સંસ્થા છે જેના વિવિધ ફેકલ્ટીના ૮૦૦ થી વધુ ડોક્ટર મેમ્બર્સ છે અને જેમાં ફેમિલી ફિઝિશિયનથી લઈને વિશેષજ્ઞો અને મુલુંડના સુપર-સ્પેશિયાલિસ્ટ્સનો સમાવેશ થાય છે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશનની મુલુંડ બ્રાન્ચના ૨૦૨૪-૨૬ માટેના નવનિર્વાચિત પ્રેસિડેન્ટ ડો. સંજય શાહનો પદગ્રહણ સમારોહ (Installation Ceremony) રવિવાર,તા. 30 જૂન ૨૦૨૪ના રોજ મુલુંડના કાલિદાસ નાટ્યગૃહમાં ઝાકઝમાળ વાતાવરણમાં ઉજવાઈ ગયો.ડો. સંજયએ ડો. જી. મનોજ પાસેથી સંસ્થાનું સુકાન સંભાળ્યું હતું. આ કાર્યક્રમમાં ૩૫૦થી વધુ ડોક્ટર્સ અને તેમના પરિવારના સભ્યોએ હાજરી આપી હતી.

ડો. સંજય શાહ મુલુંડ અને તેની આસપાસના પરિસરમાં છેલ્લા ત્રણ દાયકાઓથી કાર્યરત સિનિયર ફિઝિશિયન છે.તેઓ શ્રદ્ધા હોસ્પિટલ, મુલુંડ અને નવકાર હોસ્પિટલ, ભાંડુપના જોઈન્ટ ડીરેક્ટર છે તેમજ ફોર્ટિસ હોસ્પિટલમાં છેલ્લા બે દાયકાથી સિનિયર કન્સલ્ટિંગ ફિઝિશિયન પણ છે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા ફોર્ટિસ હોસ્પિટલના બિઝનેસ હેડ ડો. એસ. નારાયણી અને અતિથિ વિશેષ હતા. મુલુંડના ૩ જાણીતા સર્જન ડો. શ્યામ મુખી, ડો. એલ. આર. ચંદન અને ડો. મહેશ ઠક્કર, આ પ્રસંગે મુલુંડના ધારાસભ્ય શ્રી મિહિર કોટેચા પણ ઉપસ્થિત રહ્યા હતા. ડો. ધારા અને ડો. સ્મૃતિ એ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન કર્યું હતું.

આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના ૧૬ તબીબોને તેમના સંબંધિત ક્ષેત્રોમાં અસાધારણ કાર્ય માટે સ્મૃતિચિહ્ન અને છોડના રોપા સાથે વિશેષ સિદ્ધિ પુરસ્કાર (સ્પેશિયલ એચિવમેન્ટ એવોર્ડ)થી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે IMA મુલુંડ દ્વારા પ્રકાશિત અને ડો. હિતેન ફુરિયા દ્વારા સંપાદિત ત્રિમાસિક મેગેઝિન IMAGEનું અનાવરણ મુખ્ય મહેમાન ડો. એસ. નારાયણીના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આગલા દોરમાં ભક્તિ આસાનીના ઓરકેસ્ટ્રા અને બાલાજી ઈવેન્ટ્સના ગ્રુપએ જૂના અને નવા ગીતો દ્વારા શ્રોતાઓનું મનોરંજન કર્યું હતું. આ કાર્યક્રમને અગાઉના IMA પ્રમુખોના ફોટા અને સંસ્મરણો દ્વારા વિશેષ યાદગાર બનાવવામાં આવ્યો હતો.

ધનરાજ હોસ્પિટાલિટીના મેઘ ખોનાના સૌજન્યથી બાજુના તથાસ્તુ હોલમાં સૌ ઉપસ્થિતોએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો. પ્રેસિડેન્ટ ડો. સંજય શાહ, ફર્સ્ટ લેડી ડો. નંદિની શાહ, સેક્રેટરી ડો. નિમિષ શાહ, ટ્રેઝરર ડો. હાર્દિક ભંગદે અને તેમની મેનેજિંગ કમિટીએ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું. ૧૯૬૮માં સ્થાપના થઇ ત્યારથી IMA મુલુંડ હંમેશા વિવિધ શિબિરો, રક્તદાન અભિયાનો, શિક્ષણ જાગૃતિ અભિયાનો અને ઘણી સખાવતી પ્રવૃત્તિઓ દ્વારા સામાન્ય લોકોના કલ્યાણ માટે નોંધપાત્ર યોગદાન આપે છે. ખાસ કરીને કોવિડના સમયમાં સંસ્થા લોકોને ખૂબ મદદરૂપ થઈ હતી. આગામી સમયમાં ડો. સંજય શાહના નેતૃત્વ હેઠળ IMA મુલુંડ એ જનસામાન્ય અને ડોકટરોના કલ્યાણ માટે તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે અને તબીબી શિક્ષણમાં નવી ઊંચાઈઓ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખે છે.










# સંપૂર્ણ ભારતભરના સંગિની ફોરમમાંથી બોમ્બે રિજનમાં સંગિની ફોરમ મુલુંડને સતત ચોથી વખત મળ્યો બેસ્ટ ગ્રુપનો એવોર્ડ

લગાતાર સંગિની ત્રણ વાર એમીનેન્સ એવોર્ડ મેળવી ચૂકી છે ને સાથે ઉત્તમ કાર્યની સરાહના સાથે ડાયમંડ પીન જેએસજીઆઈએફના ચેરમેન પ્રથમ સેવક અમીશભાઈ દોશીના હસ્તે પ્રાપ્ત કરી ચૂકી છે. સાથે તેમનું માર્ગદર્શન અને અનોખું પીઠબળ તો ખરૂં જ! અને ફરી એકવાર (ચોથી વાર) એમીનેન્સ એવોર્ડની વિજેતા બની છે. સંગિની બોમ્બે રિજનમાં જેમનું નામ આજે ગૂંજી રહ્યું છે. બોમ્બે રિજનમાં એક માત્ર સંગિની ફોરમ મુલુંડ આ ભવ્ય સફળતા માણી રહ્યું છે. જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનમાં પણ સંગિનીની કાર્યસિદ્ધિને સરાહવામાં આવી છે.

સંગિની ફોરમ મુલુંડ માત્ર મનોરંજન કાર્યક્રમ પૂરતું સીમિત નથી. તે તેમના સામાજિક કાર્યથી લોકચાહના મેળવવાની સાથે પોતાની સ્પિરિચ્યુઅલ અને રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા જૈનીઝમને ધબકતું રાખે છે.

સંગિની ફોરમ મુલુંડ સર્વેએ આપેલ અમૂલ્ય સ્નેહ અને સન્માન બદલ ગૌરવ અનુભવે છે. સૌનો સંગાથ અને સહકાર સંગિનીના કાર્યની સુગમતાને હંમેશા ઘડતું રહે એજ અભ્યર્થના.

સંગિની ફોરમનો આગામી પ્રોગ્રામ આજે બુધવાર, તા.૩ જુલાઈના રાખવામાં આવેલ છે.





# સુધરાઈની ચૂંટણીની આચાર સંહિતા ગણેશોત્સવમાં સ્પીડ બ્રેકર બનશે

રાજ્યમાં ઑક્ટોબરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની શક્યતા છે. જોકે ચૂંટણીને પગલે આ વર્ષે ગણેશોત્સવની ઊજવણીના રંગમાં ભંગ પડવાનો ભય છે. આચારસંહિતા લાગુ પડે તો સાર્વજનિક ગણેશોત્સવ મંડળોને મળનારી આર્થિક મદદની સાથે જ ઊજવણીને તેનો ફટકો પડી શકે છે.

મુંબઈમાં ૧૨,૫૦૦થી વધુ સાર્વજનિક ગણેશોત્સવ મંડળ આવેલા છે અને મોટાભાગના મંડળોને રાજકીય નેતા અને પક્ષ તરફથી ભંડોળ મળતું હોવાને કારણે આચારસંહિતા અમલમાં આવે તો તેમને મળનારા ભંડોળ સામે વિઘ્ન આવી શકે છે. તેથી બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ મુખ્ય પ્રધાનની મુલાકાત લઈને તેમને ગણેશોત્સવમાં આચારસંહિતા અમલમાં આવે તો ગણેશોત્સવ મંડળને તેમાંથી બાકાત રાખવામાં આવે અથવા તહેવાર દરમિયાન આચારસંહિતાને શિથિલ કરવી એવી માગણી કરી હતી.

ઑક્ટોબર મહિનામાં રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી થવાની શક્યતા છે. ચૂંટણી જાહેરાત થવાની સાથે જ આચારસંહિતા અમલમાં આવી જતી હોય છે. તેથી જો ચૂંટણી ઑક્ટોબરમાં થવાની જાહેરાત થઈ જાય તો સાતથી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન આવનારા ગણેશોત્સવના તહેવારની ઊજવણીને અસર કરી શકે છે.

## Tender Notice

**Invitation To Builders / Developers For Redevelopment of Mulund Ram Jyoti CHS**


**CTS no. 517B, Plot Area 831 sq mt., Plot no. 942 B,** N S Road, Mulund West, Mumbai - 400080. Issue of Tenders & Receiving Back from : **7th July 2024 to 6th August 2024. (02.00 P.M To 07.00 P.M)**
Tender Fees (Non-Refundable) : **D.D/P.O. of Rs.5,000/-** (Rupees Five Thousand Only) in the name of **Mulund Ramjyoti Co-op. Housing Society Ltd.** (Receipts can be collected within 10 days after submission). Ph. No.: +91 86552 43272
**Dated: 03 - 07 - 2024**
**Place: Mulund, Mumbai**
**Mulund Ramjyoti Co-op. Housing Society Ltd. (Secretary)**
Plot No. 517B, Netaji Subhash Road, opp Dhanwantri Hospital, Mulund (West), Mumbai 400 080


**એકાઉન્ટન્ટ જોઈએ છે**

મુલુંડ મધ્યે ઓફિસમાં એકાઉન્ટસ અને Tally Prime ની જાણકાર રાખનાર છોકરા/છોકરી જોઈએ છે. સમય બપોરે ૨ થી ૭ નજીક રહેનાર પ્રથમ પસંદગી.
સંપર્ક : Dipu Tex બી/૩૦૨, શંકરધન પ્લાઝા, મેહુલ ટોકિઝની બાજુમાં, મુલુંડ વેસ્ટ.
**ફોન : ૯૮૨૧૦૪૬૫૮૨**
મળવાનો સમય : ૩ થી ૫



**SHREE JALARAM SATSANG MANDAL- MULUND**
S.L.Road, Near Gaushala, Mulund ( West ), Mumbai 400 080.




**Dt. Divya Mhaskar**
M.Sc. Specialised Dietetics
Certified Diabetes Educator

Start From : 4th July 2024

**DIETICIAN DEPARTMENT TIMING**
Thursday to Saturday
Morning : 10 am to 2 pm
Evening : 5 pm to 8 pm
Appointment .: 78737 31515

Jalaram Mandir,
Near Gaushala, S.L. Road,
Mulund (West ), Mumbai - 400 080

ખોરાક માં બદલાવ કરીને
તમારા બધા રોગોને દુર ભગાડો

Specializing in :
- Diabetes Managment
- Hormonal Disorders. (PCOS, PCOD, Delayed Menstrual Period)
- Heart Diseases
- High Blood Pressure
- Dyslipidemia (High Cholesterol)
- Kidney Diseases
- Nutrition in Pregnancy,
- Lactation & Menopause
- Child Nutrition
- Digestive Health
- Joint & Spine Health
- High Uric Acid and Gout
- Beautiful Skin & Hair
- In Weight Management
- Weight Loss and Gain





**DISCOUNTED HEALTH CHECKUP**

**BLOOD TEST PACKAGE AT Rs.1990/- only**

Mulund (East)

TEST
- CBC
- T3, T4, TSH
- VIT. B12
- VIT. D3
- HbA1c
- LIPID PROFILE
- Fasting Bl. Sugar
- S. Creatinine
- S.G.P.T.

**INDIVIDUAL DISCOUNTED RATE**

| Test | Rate | Discount Rate | Test | Rate | Discount Rate |
|---|---|---|---|---|---|
| CBC | ~~Rs.300~~ | Rs.170 | VIT. D3 | ~~Rs.1650~~ | Rs.790 |
| T3, T4, TSH | ~~Rs.550~~ | Rs.390 | HbA1c | ~~Rs.590~~ | Rs.390 |
| VIT. B12 | ~~Rs.1150~~ | Rs.690 | BL.SUGAR | ~~Rs.70~~ | Rs.50 |

SINCE 1963

NEAR RLY. STATION @Dr.JAYANT MANDOT Pathology Lab
Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T.Road, Mulund (East)

Home Visit Available in Mulund

Note : Special Discount on other Blood Test Also

022-2163 7380, 022-2163 4353, 87792 00271


USSH
Upasani Super Speciality Hospital Private Limited
Good Health Begins Here
Our Vision:
- Patient-centric care
- Affordable healthcare
Our Mission:
- High quality & emphatic care
#સારા-સ્વાસ્થ્યનુ-૭
૭ વર્ષ ની આરોગ્ય સંભાળ
અમે 100,000+ રોગીઓની સફળતાપૂર્વક સારવાર કરી છે
હજુ એક સીમાચિહ્ન હાંસલ કર્યો
મુંબઈમાં રોબોટિક-આસિસ્ટેડ ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરી ની સૌથી વધુ સંખ્યા
મિડ-ડે ૨૦૨૪ દ્વારા પુરસ્કૃત
UPASANI SUPER SPECIALITY HOSPITAL PVT. LTD
Plot No.1109/A Devi Dayal Cross Road, Mulund West, Mumbai, Maharashtra 400080
022 6881 4200 | www.ussh.in
DOWNLOAD THE USSH APP



## આઈહિલ હોસ્પિટલમાં મોતીબિંદુ સાથે જ જન્મેલા (કોન્જેનાઈટલ કેટરેક્ટ)

# બાળકની જટિલ સર્જરી સફળતાપૂર્વક કરાઈ





આંખ એ આપણા શરીરનું અત્યંત મહત્વનું અંગ છે, જે આપણી આસપાસના વિશ્વનું ભાન કરાવે છે. આંખમાં અનેક પ્રકારની સમસ્યાઓ સર્જાઈ શકે છે જેમાંથી મોતીબિંદુ (કેટરેક્ટ) એ એક એવી પરિસ્થિતિ છે જે સામાન્ય વધતી ઉંમરની સાથે આવે છે. પરંતુ કેટલાક દુર્લભ કિસ્સામાં બાળકને જન્મથી જ કેટરેક્ટ હોય છે જેને કોન્જેનાઈટલ કેટરેક્ટ કહે છે.

પુખ્ત વયના લોકોની કેટરેક્ટ સર્જરીની સરખામણીમાં કોન્જેનાઈટલ કેટરેક્ટની સર્જરી ખૂબ જટિલ હોય છે. તાજેતરમાં મુલુંડની પ્રખ્યાત અને આધુનિક સુવિધાઓથી સજ્જ આઈહિલ હોસ્પિટલના નિષ્ણાત ઓપ્થેલ્મોલોજિસ્ટ ડો. કૌશલ શાહ પાસે તુર્ભેથી આવેલા ૧૧ મહિનાના બાળકને કોન્જેનાઈટલ કેટરેક્ટ હોવાનો કેસ આવ્યો હતો જેની સર્જરી તેમણે સફળતાપૂર્વક પાર પાડી હતી. ગુર્જરમાતના શાંતિલાલ નાકરને આપેલા ઇન્ટરવ્યુમાં તેઓ આ સર્જરી વિષે વિગતવાર માહિતી આપે છે.

**ગુર્જરમાતઃ ડો. કૌશલ, બાળકને કોન્જેનાઈટલ કેટરેક્ટ હોવાનું પ્રમાણ કેટલું છે?**

**ડો. કૌશલઃ** બાળકને જન્મથી જ મોતીબિંદુ કે મોતિયો હોવાના કેસ દુર્લભ છે. હજારો બાળકોમાંથી એકને કોન્જેનાઈટલ કેટરેક્ટ હોય છે.

**ગુર્જરમાતઃ સર્જરી કરતી વખતે ૧૧ મહિનાના બાળકને એનેસ્થેસિયા કેવી રીતે આપ્યું?**

**ડો. કૌશલઃ** પુખ્ત વયની વ્યક્તિની કેટરેક્ટ સર્જરી વખતે સામાન્ય રીતે લોકલ એનેસ્થેસિયા આપવામાં આવે છે. પરંતુ કુમળા બાળકની આંખને લોકલ એનેસ્થેસિયા આપવાનું શક્ય નથી હોતું તેથી તેને જનરલ એનેસ્થેસિયા આપવામાં આવ્યું હતું, જો કે તે પણ એનેસ્થેટિસ્ટની કુશળતા માગી લેતું કાર્ય છે.

**ગુર્જરમાતઃ કોન્જેનાઈટલ કેટરેક્ટની આ સર્જરી કેટલી જટિલ હતી?**

**ડો. કૌશલઃ** કેટરેક્ટ કે મોતીબિંદુની સર્જરીમાં આંખના લેન્સ ઉપર જામી ગયેલી છારીને તોડીને દૂર કરવાનો હોય છે અને તેની જગ્યાએ આંખમાં કૃત્રિમ લેન્સનું પ્રત્યારોપણ કરવાનું હોય છે. કોન્જેનાઈટલ કેટરેક્ટના કિસ્સામાં આ છારી ખૂબ સખત હોય છે તેથી તેને હટાવવામાં ખૂબ હળવા હાથ અને નિપુણતાની જરૂર પડે છે. સાથે સાથે એ પણ ધ્યાન રાખવાનું હોય છે કે લેન્સને તેની જગ્યાએ જાળવી રાખતા બાળકની આંખના કુમળા સ્નાયુઓને કે આંખના અન્ય ભાગોને કોઈ નુકસાન ન થાય. આ ઉપરાંત નાના બાળકની નાજુક આંખમાં યોગ્ય સાઈઝનો કૃત્રિમ લેન્સ પ્રત્યારોપિત કરવાનું પણ ખૂબ ધીરજ અને કુનેહની જરૂરત પડે છે. તેથી જ આ મુશ્કેલ સર્જરી સંપૂર્ણ સફળતાપૂર્વક પાર પડી તેનો મને આનંદ છે.

**ગુર્જરમાતઃ આ સર્જરી પછી (પોસ્ટ ઓપરેટીવ) શી સંભાળ લેવાની હોય છે?**

**ડો. કૌશલઃ** સર્જરી પછી બાળકની આંખમાં સમયસર ટીપાં નાખવા સહિતની બધી જ સંભાળ પેરેન્ટ્સએ રાખવાની હોય છે. બાળક પોતાની આંખો ભૂંસીને આંખને અને પ્રત્યારોપિત લેન્સને નુકસાન ન પહોંચાડે એ માટે તેના હાથ પર મોજાં કે સ્વચ્છ કપડું વીંટાળી દેવાનું જરૂરી છે.

**ગુર્જરમાતઃ આ કેસમાં બાળકને આંખની અન્ય કોઈ સમસ્યા હતી?**

**ડો. કૌશલઃ** આ બાળકની જમણી આંખમાં કેટરેક્ટ હોવાની સાથે તે ત્રાંસી પણ હતી. સામાન્ય રીતે ઉંમર વધવાની સાથે આંખના સ્નાયુઓ મજબૂત થતાં ત્રાંસી આંખ નોર્મલ થઈ જાય છે. પરંતુ જો અમુક વર્ષો પછી પણ કોઈ કારણસર તે ન થાય તો તેને ઠીક કરવા માટે સર્જરી કરવી જરૂરી છે. જો કે આકોન્જેનાઈટલ કેટરેક્ટની સફળ સર્જરી પછી આ બાળકની દૃષ્ટિ તેને પાછી મળી છે તેનો મને આનંદ અને સંતોષ છે.

# લોહીમાં સુગરનું નિયંત્રણ




*લોહીમાં સુગરના પ્રમાણની નિયમિત તપાસણી કરાવવી જેને બ્લડ સુગર મોનિટરિંગ કહેવાય છે એ ડાયાબિટીસના મેનેજમેન્ટનો એક આવશ્યક ભાગ છે. ડાયાબિટીસ ધરાવતા લોકોનું શરીર લોહીમાં સુગરના સ્તરને અસરકારક રીતે નિયંત્રિત કરી શકતું નથી, જે સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે. બ્લડ સુગર લેવલનું નિયમિત પરીક્ષણ ડાયાબિટીસ ધરાવતા લોકોને તેમના ડાયાબિટીસનું મેનેજમેન્ટ કરવામાં અને ગૂંચવણો (કોમ્પ્લિકેશન્સ)નું જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે.*

*બ્લડ સુગરની તપાસણી કેટલા સમયાંતરે કરવી એ ડાયાબિટીસના પ્રકાર અને વ્યક્તિની સારવાર યોજનાના આધારે નક્કી કરાય છે. ટાઈપ વન ડાયાબિટીસ ધરાવતા લોકો માટે, બ્લડ સુગરનું સ્તર દિવસમાં ઘણી વખત તપાસવું જોઈએ, જ્યારે ટાઈપ ટુ ડાયાબિટીસ ધરાવતા લોકો તેમના બ્લડ સુગરના સ્તરને ઓછી વાર તપાસી શકે છે. ડાયાબિટીસ ધરાવતા કેટલાક લોકો સતત ગ્લુકોઝ મોનિટરિંગ ઉપકરણોનો ઉપયોગ કરી શકે છે, જે બ્લડ સુગરના સ્તર અંગે સતત વાસ્તવિક સમય (રીયલ ટાઈમ)ની માહિતી પ્રદાન કરે છે.*

*બ્લડ સુગરનું સ્તર શું હોવું જોઈએ અને તેનો અર્થ શું છે તે સમજવું અગત્યનું છે. સામાન્ય રીતે, લોહીમાં સુગરનું સ્તર ભોજન પહેલાં ૭૦ થી ૧૩૦ મિલિગ્રામ પ્રતિ ડેસિલિટર (mg/dL) અને ભોજન પછી 180mg/dL કરતાં ઓછું હોય છે. જો કે, વય, આરોગ્યની સ્થિતિ અને ડાયાબિટીસના પ્રકાર જેવા વ્યક્તિગત પરિબળોને આધારે બ્લડ સુગરનું સ્તર બદલાઈ શકે છે.*

*નિયમિત બ્લડ સુગરનું પરીક્ષણ ડાયાબિટીસના દર્દીઓને લોહીમાં સુગરના સ્તરની વધઘટની પેટર્ન ઓળખવામાં અને તેમની સારવારની યોજનામાં એડજસ્ટમેન્ટ કરવામાં પણ મદદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો જમ્યા પછી લોહીમાં સુગરનું સ્તર સતત વધતું જણાય, તો ઇન્સ્યુલિનના ઇન્જેક્શન લેવાનો સમય અથવા તેના ડોઝને એડજસ્ટ કરવાની જરૂર પડી શકે છે. સમયાંતરે બ્લડ સુગરના સ્તરનું પરીક્ષણ કરીને દર્દીઓ તેમના ડાયાબિટીસ મેનેજમેન્ટ વિશે જાણકારી મેળવીને યોગ્ય નિર્ણયો લેવા માટે તેમના આરોગ્ય સંભાળ પ્રદાતા (ડાયાબિટીસના નિષ્ણાત ડોક્ટર)ની સલાહ લઇ શકે છે.*

*અહીં એ નોંધવું પણ અગત્યનું છે કે અન્ય પરિબળો પણ બ્લડ સુગરના સ્તરને અસર કરી શકે છે, જેમ કે માનસિક તણાવ, અમુક માંદગી અને અપૂરતી શારીરિક પ્રવૃત્તિ. આ પરિબળોથી વાકેફ રહેવું અને જરૂરિયાત મુજબ ડાયાબિટીસની સારવારને તે પ્રમાણે એડજસ્ટ કરવું મહત્વપૂર્ણ છે.*

*નિષ્કર્ષમાં, બ્લડ સુગરના સ્તરનું નિયમિત પરીક્ષણ કરવું એ ડાયાબિટીસના મેનેજમેન્ટનો નિર્ણાયક ભાગ છે. નિયમિત દેખરેખ દર્દીઓને બ્લડ સુગરની વધઘટની પેટર્ન ઓળખવામાં અને તેમની સારવાર યોજનાને યોગ્ય રીતે એડજસ્ટ કરવામાં મદદ કરી શકે છે.*


SINCE 1982
LagnaDeep
STUDIO
ANNUAL
SALE
1st July to 15th July
upto 30% off
SAREE • LEHENGA • GOWN
INDO-WESTERN • ACCESSORIES
13-15, Jalaram Ashish Society,
Devi Dayal Road, Mulund (West),
Mumbai - 400 080 • T : 022 2568 0807
THURSDAY OPEN
*offer valid on both stores

# જન સેવા એ પ્રભુસેવાએ ધ્યેયને સમર્પિત મુલુંડ લાયન લેડી ઓક્ઝિલરી







લોકોની સેવા એ ભગવાનની ખરી સેવા છે. એ ધ્યેયને સમર્પિત લાયન લેડી ઓક્ઝિલરી મુલુંડ સમગ્ર વર્ષ દરમ્યાન જનસેવાના વિવિધ પ્રોજેક્ટ સંચાલિત કરી ને સમાજ ઉપયોગી કાર્ય સંપન્ન કર્યા છે.

પર્મેનન્ટ માસિક પ્રવત્તિમાં છેલ્લા નવ વર્ષથી સગર્ભા સ્ત્રીઓને ગોળ-ચણા વિતરીત થયા જેનો ખર્ચ રૂ.૧૨ હજાર. જીવદયા માટે ગાયોને ચારો, ૮ વર્ષથી કૂતરાઓને આહાર અપાયો. જેનો ખર્ચ રૂ.૮૧ હજાર. નવજાત બાળકોના કલ્યાણ અર્થે બાળકોને કપડાં, રજાઈ જેનો વાર્ષિક ખર્ચ રૂ.૧.૨૦ લાખ તથા વિશેષ બાળકોને અનાજદાન અપાયું. જેનો ખર્ચ રૂ.૮૪ હજાર મળી આ સર્વે પ્રોજેક્ટનો કુલ્લ ખર્ચ રૂ.૨.૯૭ લાખ થયો.


સ્વસ્થ શરીર સ્વસ્થ જીવનના મંત્રને પ્રસ્થાપિત કરતાં લેડી લાયન ઓક્ઝિલરીએ કેન્સર સ્કેનિંગ ટેસ્ટ મેમોગ્રાફી, સોનોગ્રાફી, બ્લડ ટેસ્ટ, પેપ ટેસ્ટ, કેન્સર પીડિત બાળકોને રમકડાનું વિતરણ, ૩ કેન્સર દર્દી ઓની દવા, કિડનીના દર્દીઓ, ડાયાલિસિસના દર્દીઓ, ત્રણ શાળામાં આંખની તપાસણીનો કેમ્પ, ૨ નંગ ખુરશી નવજાત શિશુ માટે, ૨ વજન મશીન, બાળકો માટે એક્સરસાઈઝ મશીન, કિડનીના દર્દીઓ માટે પાંચ ડાયા લાઈઝર ટ્યુબ, હોસ્પિટલમાં બાળકોના વોર્ડમાં ટેલિવિઝનની વ્યવસ્થા કરી અપાઈ. શાળાના બાળકોને માટે હાઈજેનિક કીટ, પુનાની લાયન શાળામાં સેનેટરી પેડ મશીન સ્થાપિત કરી અપાયું તથા ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૫ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓના મોતિયાના ઓપરેશન કરવા સહિતના પ્રોજેક્ટમાં કુલ્લ ખર્ચ રૂ.૭,૫૪,૯૫૦ વપરાયા.

સફળતા ત્યારે જ સાર્થક બને જ્યારે જીવન અર્થપૂર્ણ અને આનંદપ્રદ બને. જરૂરિયાતમંદ સ્ત્રીઓને સશક્તિકરણ માટે ૬ સીવણ મશીન, ૨ બિડીં ગ મશીન અપાયા. આદિવાસી વિસ્તારની સ્ત્રીઓને માટે સુવિધા મળે એ માટે વોટર હીલની સુવિધા કરી અપાઈ. ૧૦૦ જેટલા ગરજુ પરિવારો માટે અનાજ રૂ.૪ હજારના ૨૦૦ કિલો ચોખા, વૃધ્ધાશ્રમમાં અનાજ સહાય ૨૫ જેટલા દિવ્યાંગજનોને અનાજકીટ માટે ખર્ચ રૂ.૧૭૫૦૦/-. શાળાકીય વિદ્યાર્થીઓ માટે ભોજન તથા અનાજ સહાય મકરસંક્રાતિ પર્વ પ્રસંગે પ્રોજેક્ટ માટે રૂ.૨૫ હજાર, એકસો જેટલા બાંધકામ મજૂરોને ભોજન અને ઘાબળા અપાયા. આ પ્રોજેક્ટ માટે રૂ.૩૫ હજાર વપરાયા. મ્યુનિસિપલ હોસ્પિટલમાં ૩૦ ઘાબળાનું વિતરણ કરાયું જેનો ખર્ચ રૂ.૬ હજાર થયો.




**કુલ એક્ટીવીટીઝ – ૨૧૬**
**બેનીફીશ્યરીઝ – ૩૫,૭૫૦**
**કુલ કોસ્ટ – રૂ.૪૬,૬૨,૨૧૨**

પાલઘર જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં ઘાબળાનું વિતરણ કરાયું જેનો ખર્ચ રૂ.૧૧૦૦ થયો હતો. વરિષ્ઠ નાગરિકોને ડાયપર અપાયા. બાથરૂમ સફાઈ માટે જરૂરી વસ્તુઓનો પુરવઠો અપાયો. ૧૦ કિલો કરિયાણું, દાળ અને ૧૫ લીટર ખાદ્યતેલ, યેઉર ફાઉન્ડેશન વૃધ્ધાશ્રમમાં એક આખા દિવસનું ભોજન અપાયું. નીતિ ફાઉન્ડેશનને ચોખા, ખીચડી-કઢી, ઢોકળા સહિત ૧૦૦ જરૂરિયાતમંદો લોકોને ભોજન, ૨૫ કિન્નરોને સાડી અને મુંગ આપ્યા. અધિક માસ નિમિત્તે ગોળનું વિતરણ, ટીટવાલા ખાતે વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતિનું કામ કરાયું. વૃધ્ધાવસ્થા મહિલાઓ માટે નાઈટી તથા કામગારોને ઉપયોગી થવા ટિફિન અપાયા. વરસાદના રક્ષણ મળે એ માટે ૧૦૦ પરિવારોને ટારપોલીન અપાઈ તેમજ ખેડૂતોને સોલાર લાઈટ અપાઈ જેનો ખર્ચ રૂ.૩૦ હજાર મળી કુલ્લ સેવાકીય પ્રોજેક્ટ રૂ.૪૮૬૫૦૦નો થયા.




શિક્ષણએ વિદ્યાર્થીઓના ભવિષ્ય તરફ ઉઘડતી બારી છે. જ્ઞાનથી ઈશ્વરનો વરદાન પ્રાપ્ત થાય છે. એ ઉદ્દેશને લક્ષમાં રાખી લોંગ બુક, જ્યોમેટ્રી બોક્સ, સ્ટીલ ગ્લાસ, પેન, રમકડાં, બાલવાડી, પેન્સિલ, ફૂટપટ્ટી, ખજૂર, રાજગીરા લાડુ, બિસ્કિટ, ચોકલેટ, કેક, હાઈજેનિક કીટ, પઝલ ગેમ, કેરમ બોર્ડ, ચેસગેમ, એજ્યુકેશનલ ચાર્ટ, ૫૦ સ્કૂલ બેગ, મલખમ રોપ, તાઈકોવોન્ડ સેફ ગાર્ડ, રજોડી, બાસ્કેટ બોલ, ટેબલ ટેનિસ, ૨ જિમ્નાસ્ટીક મેટસ, સ્ટેશનરી ઈત્યાદી વાડાની બે શાળાઓમાં અપાયા.

તે ઉપરાંત સફાઈ એક્સેસરીઝ, ૪૧ રાઈટિંગ પેડ, ૪૧ સ્કેચ પેન, ૪૧ નાની કાતર, ૨૦૦ નંગ લાઈન બુક, ચાર્ટ પેપર, નાનો બ્લેક બોર્ડ, પાંચ પ્લાસ્ટીક બોક્ષ, ૪૫ નંગ ઈંગ્લિશ ટેબલ બુક, ૪૦ હસ્તલેખન બુક, ૪૦ સ્ટોરી બુક, ૭૫ માઈન્ડ ગેમ, ૨૫ પંખા, ૩૫ ટ્યુબ લાઈટ, શેતરંજી, ૬૫ નંગ ડેસ્ક બેન્ચ, કબાટ નંગ-૧, ગર્લ્સ સ્કૂલમાં વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડ, ૬૫ બોર્ડ નંગ-૧, બ્લુટુથ સુવિધા સાથેનો સ્પીકર અને માઈક. સ્પે.ચિલન્ડ્રસ સ્કૂલ માટે ૧ સેટ કોમ્પ્યુટર, મુલુંડ વેસ્ટના સ્મશાન ગૃહ માટે ૧ કોમ્પ્યુટર સેટસ તથા સ્પે.ચાઈલ્ડની શાળા ઐરોલીમાં ગ્રાઉન્ડ બનાવી આપ્યું. જેનો ખર્ચ રૂ.૬૫૭૭૬૨ તથા ૬ શાળાઓમાં યુનિફોર્મ વિતરણ પ્રોજેક્ટ માટે રૂ.૫૫૦૦૦ હજારનો ખર્ચ કરાયો.

ધોરણ ૧૦,૧૧ અને ૧૨ના ૩ વિદ્યાર્થીઓની ૨ વર્ષની કોચિંગ ફી રૂ.૫.૫૧ લાખ, કોલેજના ૨ વિદ્યાર્થીઓ તથા ૧ સ્પાઈકલ વિદ્યાર્થીની સ્કૂલ ફી રૂ.૨૦ હજાર, ૭૫ જેટલા સ્પેશિયલ બાળકોને માટે ક્રિસમસ પાર્ટી માટે રૂ.૨૫ હજારનો ખર્ચ કરાયો.

વાડા ખાતે હિંદી પાઠશાળાને માટે પ્લમ્બિંગ, સિવીલ વર્ક, ગાર્ડન માટે જરૂરી સાધનો, ટ્યુબ







# જન સેવા એ પ્રભુસેવાએ ધ્યેયને સમર્પિત મુલુંડ લાયન લેડી ઓક્ઝિલરી













લાઈટ વિગેરે માટે રૂા.૧૯૮૦૦૦, બગીચા માટે સાધનો, રમત ગમતના સાધનો ક્રિકેટ, લેઝીમ, ફૂટબોલ ઈત્યાદી માટે રૂા.૮૧ હજારનો ખર્ચ થયો.

૨જી ઓક્ટોબરથી ૭ ઓક્ટોબર સુધી ૪૦ બાળકોને રૂા.૧૭૫૦૦નો નાસ્તો સ્લમ વિસ્તારના બાળકોને સપ્તાહ દરમ્યાન ભોજન માટે રૂા.૨૪૫૦૦ ખર્ચ મળી કુલ્લ ૩૯ શાળાઓમાં રૂા.૨૧૨૪૭૬૨નો પ્રોજેક્ટ સંપન્ન થયો.

જળનું એક ટીપું જીવન માટે ઉપયોગી છે. જલ એ જીવન છે આ વાત આપણને શીખવા મળે છે. પ્રાણીઓ માટે ૧ ચેકડેમ પેન્ચ નાગપુરમાં બનાવી અપાયો. જેનો ખર્ચ રૂા.૯૦ હજાર, યેઉર થાણા તથા કેશવપાડા શાળામાં પાણીની ટાંકીની વ્યવસ્થા કરી અપાઈ. વોટર કૂલર ચેમ્બુર મ્યુનિસિપલ હોસ્પિટલમાં, ટિટવાલા સ્કૂલ તથા ઠક્કર બાપા સ્કૂલ ચેમ્બુરમાં સ્થાપિત કરાયા. જેનો ખર્ચ રૂા.૭૦ હજાર, ૩ બોરબેલ ગ્રામીણ વિસ્તાર આદર્શ વિદ્યાલય કુડુસ વાડા, જહાર, જિલ્લો પાલઘર પોશર્ટ વાડામાં કુલ્લ રૂા.૩.૬૪ લાખ મળી સમગ્ર પ્રોજેક્ટ રૂા.૫૯૪૦૦૦ના સંપન્ન કરાયા.


સમગ્ર વર્ષ દરમ્યાન થેરેપી સેશન યોજ્યા અને સ્પેશિયલ બાળકોને દવાઓ આપી. આ ઉપચાર સત્રો દર પંદર દિવસે હાથ ધરવામાં આવે છે.

તા.૧ એપ્રિલથી ૨ જૂન સુધી ઠંડી-મીઠી મધુર છાશનું વિતરણ કરી ઉનાળાના સખત તાપ દરમ્યાન જરૂરિયાતમંદ લોકોને રાહત મળે તથા ઉર્જા મળે એ માટે પ્રોજેક્ટનું સંચાલન કરાયું હતું. લાભાર્થીઓને આ બટર મિલ્ક વિતરણનો ભરપૂર લાભ લીધો હતો. આ સેવા પ્રવૃત્તિનો ખર્ચ રૂા.૨૬૮૫૦૦ થયો હતો.

તરૂણ ઉત્કર્ષ શાળા મુલુંડ પૂર્વમાં મરાઠી માધ્યમથી ઈંગ્લિશ સ્પીકીંગ વર્ગો દર સોમવારે સાંજે ૪ થી ૫ દરમ્યાન ૩૫ જેટલા વિદ્યાર્થીઓને શીખવાય છે. જે બાળકોને માટે ખાસ ઉપયોગી થઈ રહ્યાં છે. વિદ્યાર્થીઓ પણ આ ટીચિંગ વર્ગનો લાભ મેળવી પોતાનું જ્ઞાન વધારે છે.





# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૩ જુલાઈ - ૯ જુલાઈ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** જમીન-મકાન કે કીંમતી ચીજો વેંચીને એ પૈસામાંથી અગાઉનું દેવુ ચૂકવી દેવાથી મોટી સમસ્યા ઊકેલી શકશો એમ જણાય છે. ખુદના માટે સમય કાઢશો તો ફરી તાજગી સાથે કામે વળગી શકશો. નિકટના એક મિત્રના થોડા વખતમાં લગ્ન થવાના છે. તમારે એના લગ્નની તૈયારીમાં સક્રિયપણે ભાગ લેવો પડશે. પરિણીતોના ઘરમાં એક મેમ્બરનો વધારો થવાની શક્યતા છે. ફેમિલી મેમ્બરો અને પ્રિયજન વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના છે. આવી સ્થિતિમાં ખૂબ જ શાંત રહી એને ઉકેલવાનો પ્રયાસ કરજો. પ્રિયજન સાથે સમાધાન કરી લેવાનો આ યોગ્ય સમય છે. **સ્ત્રીવર્ગ માટે :** આરોગ્યનું ખાસ ધ્યાન રાખવાની સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ) :** હાલ જે ઘટનાઓ બની રહી છે એના પરિણામે ભવિષ્યમાં નવા સ્થાને પહોંચી શકશો. ચુંબકીય વ્યક્તિત્વ અને વિશેષ પ્રકારની સૂઝબૂઝથી લોકોને આકર્ષી શકશો એમ જણાય છે. જુદા જ પ્રકારના છતાં રસપ્રદ લોકોના સંપર્કમાં આવવાની તક મળશે. કાનૂની સમસ્યાઓ કદાચ ઊભી થશે, પરંતુ તમે એને વિલંબમાં મૂકીને છેવટે એનો નિવેડો લાવી શકશો. તમારી પ્રેરણાશક્તિ પર શ્રધ્ધા રાખશો તો લાભમાં રહેશો. તમારામાંના અમુક માટે આગળનો વધુ અભ્યાસ શક્ય બનશે. જુગાર અને તત્કાળ અમીર બનાવવાના સપના દેખાડતી યોજનાઓથી દૂર રહેવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા પરિવારનો ઠંડો પડી ગયેલો ધંધો ફરી ચાલુ થશે.

**મિથુન (ક,છ,ઘ) :** ભૂતકાળમાં જીવવાને બદલે મક્કમતાથી આગળ વધવાનો સમય છે. કીર્તિ અને પૈસો સામેથી મળશે એમ દેખાય છે. હાલ ભાવનાત્મક રીતે કોઈને તમારો લાભ લેવા ન દેશો એવી મારી સલાહ છે. એક તરફ પુષ્કળ કામ હશે અને બીજી તરફ એકાદ મુશ્કેલ પરિસ્થિતિને પણ કાબૂમાં લેવી પડશે. આવી સ્થિતિમાં અંતરાત્માનો અવાજ સાચી દિશાનો નિર્દેશ કરશે. કોઈ ચાહિતી વ્યક્તિને પોતાની અવગણના થઈ રહ્યાનું લાગશે. કામકાજ અને ભાવનાત્મક સંબંધો વચ્ચે સમતુલા જાળવવાનો પ્રયાસ કરો. વાહન લેવાનું વિચારી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** જે પરિસ્થિતિ બદલી ન શકાય એનો કુદરતી અંત આવવા દો.

**કર્ક (ડ,હ) :** બિઝનેસના એક નવા સોદાની વિગતો હાલ ખાનગી રાખજો. વિલંબ અનિવાર્ય લાગતો હોય તો પણ પોઝિટિવ અને રિલેક્સ અભિગમ અપનાવવાની સલાહ છે. સામાજિક ક્ષેત્રે અભિપ્રાયોની આપ-લે કરવા માટે સમય ઉત્તમ છે. તમે તમારી જૂની આદતો અને વલણો બદલવા તૈયાર છો એટલે હવે તમારા માટે કર્મની એક નવી ગતિ શરૂ થઈ જશે. સર્જનાત્મક વલણને કારણે તમે સમસ્યાઓનો ઉકેલ લાવવા તથા લક્ષ્યાંકો સિધ્ધ કરવા વધુ કાબેલ બનશો એમ દેખાય છે. કોઈને પણ ઉધારે પૈસા આપવાનું ટાળો. **સ્ત્રીવર્ગ માટે :** આ ઊતાવળિયા સમય દરમ્યાન તમે પૂરતી ઊંઘ લેવાની કાળજી રાખો.

**સિંહ (મ,ટ) :** આ સમયમાં આંખ-કાન ખુલ્લા રાખો, જેથી યોગ્ય તક સામે આવે ત્યારે એ તમે ઝડપી શકો. યુવાનો માટે નવો પ્રેમસંબંધ આકાર લઈ રહ્યો છે, પરંતુ તમે આ બાબતે મૂંઝવણમાં છો. આ બાબતે સમજણપૂર્વક વિચારી અને આ સંબંધને એની મેળે ખીલવા દો. પ્રિયજન માટે સમય ફાળવવાની ખાસ સલાહ છે. એકાદ ટૂંકો પ્રવાસ કરશો તો મનને શાંતિ મળશે એમ દેખાય છે. નવુ સાહસ હાથ ધરવા પ્રયાસ કરી શકો છો. કાર્યક્ષમતા અને જુસ્સા વડે આસપાસના લોકોને પ્રભાવિત કરી શકશો. આને કારણે કેટલાક લોકો તમારી ઈર્ષા કરવા લાગશે. **સ્ત્રીવર્ગ માટે :** ચોક્કસ મુદ્દાઓ પર કોઈની વધુ પડતી ટીકા કે દબાણ ન કરો.

**કન્યા (પ,ઠ,ણ) :** લાગણીઓમાં આવી રહેલી ભરતી અને ઓટને કારણે વિચિત્ર રીતે વર્તી રહ્યા છો. માનસિક દબાણ પણ વધી રહ્યું છે, પરંતુ તમે કોઈ નિર્ણય લઈ શકતા નથી એમ દેખાય છે. મારા મતે હલ વ્યાવસાયિક નિર્ણયો તમારે લઈ લેવા જોઈએ, કારણ કે એ નિર્ણયોની તમારા ભવિષ્યની આર્થિક સ્થિતિ પર લાંબા ગાળાની અસર પડશે. જૂના અને નવા સંબંધોમાં અત્યાર સુધી ગુપ્ત રાખી હતી એ વાત જાહેર થઈ શકે છે. પ્રયાસ કરશો તો અંગત જીવન વિશેની શંકા-કુશંકાનું નિવારણ કરી શકશો. લેપટોપ કે કોમ્પ્યુટર લઈ શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** આગામી થોડા સમયમાં નિકટની વ્યક્તિથી વિયોગ અને જુદાઈની શક્યતા છે.

**તુલા (ર,ત) :** હાલ તમને જીવનમાં મહત્વનું પરિવર્તન જરૂરી લાગશે. કામકાજમાં અંગત જીવનને બાધારૂપ બનવા નહી દો તો સફળતા તમારા કદમો ચૂમશે એમ દેખાય છે. કોઈ ફાઈનેન્શિયલ સાહસ હાથ ધરો એવી શક્યતા છે. એ લાભદાયી ઠરશે. તમામ બાજુએથી સલામત રહીને એમાં આગળ વધવાની સલાહ છે. જો તમે કોઈ મિત્રની સલાહ લેશો તો તે બિઝનેસમાં જરૂર મદદરૂપ થશે. આ સમયે બહારગામના પ્રવાસ થઈ શકે છે. વિદ્યાર્થીઓ બીજે ભણવા જવાનું વિચારે એવી શક્યતા છે. શસ્ત્રક્રિયાના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** સામેની વ્યક્તિને તમારી શરતો માન્ય કરાવવા ચાલાકી વાપરવી પડશે.

**વૃશ્ચિક (ન,ય) :** અત્યારની સ્થિતિમાં ધીરજ રાખવાની અને સમય સાચવી લેવાની જરૂર છે, એટલે અધીરા બનવાનું રહેવા દો. ખોટા માણસો પર ભરોસો રાખીને રોકાણ કરવાનું તમે પરિણામ ભોગવી રહ્યા છો. તમારે હાલ વ્યવહારુ બનવાની જરૂર છે. તમારી અપેક્ષા અવાસ્તવિક છે એ સ્વીકારી લો તો સારુ. ઘર બદલીને પરિચિત વાતાવરણથી દૂર રહેવા જાવ એવી શક્યતા છે. તમારી કારને રેગ્યુલર સર્વિસીસ કરાવતા રહેજો, અન્યથા એ બગડી શકે છે. અપરિણીતોમાં લગ્નની શક્યતા દેખાય છે. **સ્ત્રીવર્ગ માટે :** હાલ બંધાનારા પ્રોફેશનલ કે અંગત સંબંધો તમારા ભવિષ્ય પર દુરગામી અસર કરશે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** બીજા પર આધાર રાખવાને બદલે સ્વતંત્ર રીતે આગળ વધીને તમે મનગમતી જવાબદારી સ્વીકારવા તૈયાર છો. વિચારીને અને યોજનાબધ્ધ રીતે લક્ષ વીંધવા આગળ વધો એવી મારી સલાહ છે. માથું ઊંચું રાખીને ઉજ્જવળ ભવિષ્ય તરફ નજર રાખો. પ્રેમ અને પ્રસિધ્ધિ મળવાની તૈયારી છે. એકાદ વિજાતીય વ્યક્તિ તમારામાં પુષ્કળ રસ લેવા લાગશે એમ દેખાય છે. જમીન-મકાનના પઝેશન અને પૈસાની બાબતમાં સાવધ રહેજો. પરિવાર અને મિત્રો સાથે મેળાવડો શક્ય બને. સોના-ચાંદીમાં રોકાણ લાભદાયી રહેશે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈના પર આક્ષેપ કરતા પહેલા પૂરતો વિચાર કરી લેજો.

**મકર (ખ,જ) :** મનમાં ગુસ્સો ઘૂંઘવાઈ રહ્યો છે. સંબંધમાં ઊભી થયેલી સમસ્યા વણ ઉકેલાયેલી રહેતા જીવનમાં આગળ વધી શકતા નહી હો એમ દેખાય છે. ગઈ ગુજરી ભૂલી જવા પ્રયાસ કરશો તો કર્મની પોઝિટિવ ગતિના મીઠા ફળ માણી શકશો. નવા શહેરમાં સ્થળાંતરની સંભાવના છે. માતા કે ઘરની કોઈ વડીલ વ્યક્તિ મળવા આવે એવી સંભાવના છે. નવી નોકરીની ઓફર મળતા ઊત્તેજના અનુભવશો. જે પેકેજ ઓફર થશે એ આકર્ષક હશે. અપરિણીતો હાલ પોતાના કરીઅર પર લક્ષ કેન્દ્રિત કરે એવી સલાહ છે. પ્રવાસના યોગ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** જીવનમાં કોઈ નબળી પળ આવવાથી સમાધાન કરવાની સ્થિતિમાં મુકાઈ શકો છો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** અત્યારે તમે ખૂબ જ જોમ અને જુસ્સાના મૂડમાં છો. નવુ સાહસ શરૂ કરવાનો આ યોગ્ય સમય છે. જીવનમાં કયો વિકલ્પ પસંદ કરી આગળ વધવું એની તમે મૂંઝવણ અનુભવી રહ્યા છો. જૂના અને સલામત ચીલે આગળ વધવુ કે નવા પડકારો ઝીલવા એની ગડમથલ તમારા મનમાં છે. નવા વિચારો સાથે આગળ વધવાની સલાહ છે. કામકાજલક્ષી ટૂંકા પ્રવાસો મનને રિલેક્સ બનાવશે અને તમારી કુશળતામાં વધારો કરશે એમ દેખાય છે. કોઈ નવા વિષયનો અભ્યાસ હાથ ધરો એવી શક્યતા છે. મરીમસાલાવાળો કે તીખો ખોરાક ન લો. **સ્ત્રીવર્ગ માટે :** હૃદયને સ્પર્શી જાય એવી પરિસ્થિતિનો સામનો કરવો પડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** રાતોરાત લખપતિ બનાવી દે એવી કોઈપણ સ્કીમમાં લલચાશો નહીં. તમારા વિશે કોઈ ગેરસમજ ઊભી થઈ હશે કે તમારું નામ ચર્ચાયું હશે તો એ વિશે સ્પષ્ટતા થઈ જતા રાહતનો શ્વાસ લઈ શકશો. પૈસાની નિયમિત બચત વિશે અત્યંત ગંભીર બનો એવી મારી સલાહ છે. ફાઈનેન્સનો વહીવટ કરવાનું જાણતા હોય તેવા મિત્રની સલાહ લેશો તો લાંબા ગાળે વધુ લાભ મેળવી શકશો. બાકી રહેલા કામોને પરિણામે તાણ અનુભવો એવી સંભાવના છે. જીવનમાં નવા સંબંધો બંધાઈ રહ્યા હોય તો એ પ્રણયમાં પરિવર્તિત થવાની શક્યતા ધરાવે છે. **સ્ત્રીવર્ગ માટે :** ખાવાપીવામાં કાળજી નહી લો તો કેલરીઝ વધી જશે.



## નિષ્ઠા સોસાયટીમાંથી બોધિ વિદ્યાલયમાં આવતું ગટરનું પાણી બાળકોના આરોગ્ય માટે જોખમી

છેલ્લા ૧૫થી પણ વધુ દિવસથીમુલુંડ વેસ્ટમાં દેવીદયાલ રોડ પર આવેલા બીપીએસ પ્લાઝાની નિષ્ઠા સોસાયટીના ચેમ્બરમાંથી ગટરનું પાણી ઓવરફ્લો થઈને બીપીએસ પ્લાઝામાં જ આવેલી બોધિ વિદ્યાલયની રેઈનવોટર ટનલમાં આવી રહ્યું છે જેને કારણે મચ્છરોનો ઉપદ્રવ થવાની સાથે શાળામાં ભણતા બાળકો, શિક્ષકો તેમ જ કર્મચારીઓના સ્વાસ્થ્ય ઉપર રોગચાળો ફેલાવાનું જોખમ તોળાઈ રહ્યું છે. બોધિ વિદ્યાલય દ્વારા ગયા અઠવાડિયે સંબંધિત અધિકારીઓને ફરિયાદ કરી હતી પરંતુ હજુ સુધી તેમના દ્વારા આ બાબતે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. પરિસ્થિતિની ગંભીરતા જોઈ આ બાબતે સત્વરે યોગ્ય પગલાં લેવાની માંગ બોધિ વિદ્યાલય દ્વારા કરવામાં આવી રહી છે.

## શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા દરિયાલાલ મંદિરે કચ્છી નવા વર્ષની ઉજવણી

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા કચ્છી નવું વર્ષ અષાઢીબીજ ચંદ્રદર્શન કચ્છી નવું વરસની ઉજવણી તા. ૦૭ જૂલાઈના રવિવારના વડગાદી સ્થિત કુળદેવ શ્રી દરિયાલાલ મંદિરે હર્ષોઉલ્લાસ સાથે ઉજવાશે.

૧૬૨ વર્ષથી ઝળહળતી અખંડ જ્યોતના પુનિત સાંનિધ્યમાં થનારા ઉત્સવ કાર્યક્રમમાં સવારે ૭.૩૦ કલાકે પ્રાતઃ આરતી, સવારે ૧૦.૦૦ કલાકે ચોપાટી સમુદ્રતટે વિલ્સન કોલેજની સામે દરિયાપૂજન, બપોરે ૧૧.૩૦ કલાકે દરિયાસ્થાન મંદિર દ્વારે પૂજન યાત્રાનું સામૈયું, બપોરે બપોરે ૧૧.૩૦ કલાકે દરિયાસ્થાન મંદિર દ્વારે પૂજન યાત્રાનું સામૈયું, બપોરે ૧૨.૩૦ કલાકે મધ્યાહન આરતી, બપોરે ૧ થી રાત્રે ૮ સુધી દરિયાલાલ દેગ, દડિયા પ્રસાદનું વિતરણ, સાંજે ૭.૩૦ કલાકે સાંય આરતી નો કાર્યક્રમ નિર્ધારિત છે.

કચ્છી નવા વર્ષના શુકનવંતા દિને પુનિત અખંડ જ્યોતના દર્શન કરવા અને પ્રસાદનો લાભ લેવા સમસ્ત જ્ઞાતિજનો તેમ જ શ્રધ્ધાળુ ભક્તજનોને હાર્દિક નિમંત્રણ છે.

આપના પ્રસંગોને યાદગાર બનાવો
• લગ્નગીત • બર્થ ડે પાર્ટી
• સંગીતસંધ્યા • સાંજી ગીત
• ડી.જે.પાર્ટી • ડોલી
• જૈન સ્તવન તેમજ
• પ્રાર્થના સભા
(ઓનલાઈન પણ)
• સ્પે.એન્ટ્રી ફોર કપલ

હિના ઠક્કર
9221240755, 9769305488

## શ્રી કચ્છી લોહાણા મહાજન-મુલુંડ દ્વારા કચ્છી નવા વર્ષ નિમિત્તે દર્શન અને દડિયાપ્રસાદનું આયોજન

શ્રી કચ્છી લોહાણા મહાજન-મુલુંડ દ્વારા કુળદેવશ્રી દરિયાલાલ દાદાના મંદિરનો તૃતીય પાટોત્સવ અને કચ્છી નવું વર્ષ અષાઢી બીજ નિમિત્તે રવિવાર, તા.૭ જુલાઈ ૨૦૨૪ના નિઃશુલ્ક મહાજનવાડી, આર.આર. ટી.રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતે સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી દર્શન અને દડિયાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવ અંતર્ગત સવારે ૧૦ અને સાંજે ૭.૩૦ વાગ્યે મહાઆરતી કરવામાં આવશે. સર્વે ભક્તોએ દર્શનનો અને દડિયાપ્રસાદનો લાભ લેવા વિનંતી.

## શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ દ્વારા ૧૮મી સમૂહ પહેડી

શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ મુંબઈ દ્વારા રવિવાર, તા.૭ જુલાઈના રોજ મુલુંડ (વે) માં ઝવેર રોડ સ્થિત સારસ્વત વાડી ખાતે પૂજ્ય શ્રી યોગીરાજ ગોપીચંદ્રનાથ (પઠ્ઠાપીર બાપા)ની ૧૮મી સમૂહ પંચાઉદિગ પહેડીનું આયોજન કરવામાં આવ્યું છે.



કાર્યક્રમ અનુસાર રવિવારે સવારે આઠ કલાકે ગોકુલ શ્યામ બિલ્ડીંગ, દેવીદયાલ રોડ, મુલુંડ (વે)થી શોભાયાત્રાનો પ્રારંભ થશે. સવારના ૧૦ કલાકે સારસ્વત વાડી ખાતે સ્થાપના થશે. બપોરના ૨ થી ૩ દરમ્યાન શ્રી જીયે પઠ્ઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા પઠ્ઠાપીર ચાલીસાનો પાઠ થશે. સાંજે ૪ થી રાત્રે ૧૦ સુધી સંતવાણી કલાકાર નવીનભાઈ ભાનુશાલી અને સાથી કલાકારો શાંતિલાલ મોજાર ભજનોની રમઝટ બોલાવશે. ધૂપ આરતી સાંજના ૭ કલાકે, પહેડી પ્રસાદ સાંજના ૬ થી ૧૦ સુધી રહેશે. ચોવિહારની વ્યવસ્થા છે.

પૂજ્ય પઠ્ઠાપીર બાપાને કચ્છ, વાગડ, ગુજરાત, રાજસ્થાનના માનતા પરિવારોને તથા તેમની નિયાણી બહેનોને સતત ૧૮ વર્ષથી યોજાતી સમૂહ પહેડીમાં પધારવાનું સર્વેને હાર્દિક આમંત્રણ છે. ૧૮મી સમૂહ પહેડીમાં વિશેષ સહયોગી થવાની ભાવના રાખતા ભક્તજનો મોબાઈલ નંબર ૯૮૨૧૧૮૯૦૫૦ પર સંપર્ક કરી શકે છે.

## શ્રી જલારામ સત્સંગ મંડળ મુલુંડની ડિસ્પેનશરીમાં ડાયટેશિયનની સેવાઓ ઉપલબ્ધ થઈ

તા.૪ જુલાઈ ગુરૂવારથી દર ગુરૂવાર, શુક્રવાર તથા શનિવારના સવારે ૧૦ થી ૨ અને સાંજે ૫ થી ૮ દરમ્યાન ડાયટેશિયન દિવ્યા મ્હાસ્કર (M.Sc.) સ્પે.ડાયટિક સર્ટિફાઈડ ડાયાબિટસ એજ્યુકેટર પોતાની સેવાઓ શ્રી જલારામ સત્સંગ મંડળ મુલુંડ, જલારામ મંદિર, સેવારામ લાલવાણી રોડ, મુલુંડ વેસ્ટની ડિસ્પેનશરીમાં આપશે. ખોરાકમાં બદલાવ કરીને શરીરમાં ઘર કરી ગયેલા વિવિધ રોગોને ભગાડવા તેમની સલાહ રોગીઓને ઉપયોગી થશે. ડાયટેશિયન દિવ્યા ડાયાબિટસ મેનેજમેન્ટ, હોર્મોનલ ડિસોર્ડર હાર્ટડિસીઝ, હાઈબ્લડ પ્રેસર, હાઈ યુરિક એસીડ એન્ડ ગાઉટ, કિડની ડિસીઝ ચાઈલ્ડ ન્યુટ્રિશિયન, ન્યુટ્રિશન ઈન પ્રેગ્નેસી, જોઈન્ટ એન્ડ સ્પાઈન હેલ્થ, સ્કીન એન્ડ હેર, વેઈટ લોસ એન્ડ ગેઈન ઈત્યાદી સમસ્યાઓનું સમાધાન કરવા માટે એક્સ્પર્ટ છે. તેઓની સેવાઓનો લાભ સૌ કોઈ લઈ શકે છે.

## શ્રી અંબિકા યોગ કુટીરના યોગ વર્ગ

શ્રી અંબિકા યોગ કુટીર થાણાની મુલુંડ (પ) શાખામાં રવિવાર, તા.૭ જુલાઈના નવા યોગ વર્ગ શરૂ કરવામાં આવશે. બહેનો, ભાઈઓ તથા બાળકો (ઉંમર વર્ષ ૮ની ઉપર) માટે વિનામુલ્ય પ્રવેશ સવારે ૬.૩૦ વાગે આપવામાં આવશે. વર્ગ ૧૨ રવિવારના સવારે ૭ થી ૯ના રહેશે. સ્થળ : ગૌશાળા મ્યુનિસિપલ શાળા, ગૌશાળા રોડ, મુલુંડ (પ). સંપર્ક : ઉમેશ માણેક-૯૮૩૩૧૩૫૫૦૨, મીનીતા ખુશવાહ - ૯૯૬૯૫૩૦૦૨૬.

## શાકભાજીના ભાવ ગગન ગામી થયા


ચોમાસું બેસતા અને વરસાદની મહેરથી ભલે મુંબઈગરાઓને ગરમીથી રાહત મળી હોય, પરંતુ ગરમીના કારણે શાકભાજીના પાક પર થયેલી અસર હજી મુંબઈગરાઓને દઝાડી રહી છે. કપરા ઉનાળાના કારણે શાકભાજીના પાક પર થયેલી અસરના કારણે અનેક શાકભાજીના ભાવ (Vegitable rates high) આસમાને પહોંચ્યા છે અને તેના કારણે સામાન્ય નાગરિકો અને ખાસ કરીને ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. મુંબઈના મુલુંડ સહિત ઉપનગરોમાં શાકભાજીના ભાવ ખાસ્સા વધી ગયા છે.

ખાસ કરીને રોજબરોજની વપરાશમાં વપરાતા ટામેટા, કોથમીર અને મરચાં જેવા શાકભાજીના દર વધ્યા છે. નવી મુંબઈ, મુંબઈ, થાણે અને કલ્યાણ જેવા વિસ્તારોમાં ટામેટા ૮૦થી ૧૦૦ રૂપિયા કિલોના ભાવે વેચાઇ રહ્યા છે.

આ વિસ્તારમાં મરચાં, કોથમીર ઉપરાંત કાંદા અને બટેટાના દરમાં પણ વધારો થયો છે. ખાસ કરીને ડ્રમસ્ટીક એટલે કે સરગવાની કિંમતમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. સરગવો ૨૦૦ રૂપિયે કિલોના ભાવે બજારમાં વેંચાઇ રહ્યાં છે.

ટીંડોરા, ફણસી, ગુવાર, ફ્લાવર જેવા શાકભાજીની કિંમત પણ સામાન્ય કરતાં ૪૦થી ૫૦ ટકા વધી હોવાનું જણાવ્યું હતું.


સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા શાકભાજીના ભાવમાં આટલો ઉછાળો આવ્યો છે ત્યારે કેપ્સિકમ, યલો કેપ્સિકમ(બેલ પેપર), બ્રોકોલી, યુકિની અને બેબીકોર્ન જેવા શાકભાજી તો સામાન્ય નાગરિકો માટે પહોંચની બહાર હોવાનું જણાઇ રહ્યું છે.






## મારા ડાયરીના થોડા પાનાં : જે.કૃષ્ણમૂર્તિ વિચારો Tradition which has lost its soul

આ પુસ્તક વી.ટી.ના એક સ્ટોલમાંથી ખરીદી અને ત્યાને ત્યાં એ વાંચી મૂકી. બે સારા માણસો મળે ત્યારે વિષયોની ગહનતાની વાતો થાય. એમના વિરોધમાં તથ્ય અને સત્ય બન્ને હોય છે. સન ૧૯૩૮માં ફ્રી પ્રેસના પ્રતિનિધિ એ જે.કૃષ્ણમૂર્તિની મુલાકાત લીધી એમની ચર્ચાનો વિષય હતો ભારતની સ્થિતિ.




જે.કૃષ્ણમૂર્તિ એ તે વખતે જે વાત કહેલી તે આજે પણ એટલી જ સાચી છે. આતંરિક અને બહારી સ્વતંત્રતા સારા જીવનના બે અંગ છે. તે અને રાજનૈતિક આઝાદી માત્ર એનો એક ભાગ છે. આજે જગતમાં કોઈ આઝાદ નથી. જગતમાં દરેક જગ્યાએ સ્વતંત્રતાની અલગ અલગ શ્રેણીઓ જોવા મળે છે. ભારતની આત્મા એક મહાન આત્મા છે. પરંતુ તે બેડીઓમાં જકડાયેલી છે. ભારતની આઝાદીનો મુખ્ય શત્રુ છે એની મૃત પરંપરા.

આજ પરંપરા ક્રુરતા, સ્વાર્થ અને અમાનવીય નિયમોના રૂપમાં ઘટ થઈ ગઈ છે. આ મૃત પામેલી પરંપરાને સાફ જોવાની કે એને ફેંકી દેવાની ઘડીઓ ક્યારથી આવી ગઈ છે. છતાં હજીએ પરંપરાને આપણે ફેંકી શક્યા નથી અને એને જ આપણે આપણો વારસો માની લીધો છે. જ્યાં આ પરંપરા મૃત થાય છે. ત્યારે એને ઠેકાણે બીજી સભ્યતાને આપણે સ્વિકારવી જોઈએ. સભ્યતા આપણે સંસ્કાર માની લીધા છે. સભ્યતા અને સંસ્કાર એક બીજાના પૂરક છે.

માણસ માણસની સાથે કેમ વર્તવું એની સાથે કરીને જીવવું એ એની સભ્યતા પર અવંલબે છે. જ્યારે એનાથી એ દૂર થઈ જાય છે. ત્યારે કહેવાય છે કે એનામાં સંસ્કાર નથી. સંસ્કારની ઝલક માત્ર વારસામાં દેખાય છે. માણસની સાચી ઓળખાણ ત્યારે થઈ શકે છે. જ્યારે આપણે એના સંસ્કારોથી પર થઈને એના વ્યક્તિને ઓળખીએ.

આંતરિક અને બહાર સ્વંતત્રતાને અલગ નહી કરી શકાય. કોઈપણ દેશનું મહત્વ છે એના દેશના લોકોનું જીવન દેશનું મહત્વ છે. એના દેશના લોકોનું જીવન કોઈપણ દેશ ખરેખર ત્યારે જ આઝાદ છે. જ્યારે જીવનના ઘણા ગહરા મૂલ્યોને તે સ્વિકાર કરે અને પોતાનું જીવન તેવા અનુકુલ વાતાવરણ મુજબ ગોઠવી દે. આજની પરિસ્થિતિ કોઈપણ દેશ સંપૂર્ણપણે આઝાદ નથી દરેક ઠેકાણે સ્વતંત્રાની અલગ અલગ માત્રાઓ છે. અલગ અલગ વ્યાખ્યાઓ છે.

મરેલી પરંપરાઓમાં બળજબરીથી જીવાતું જીવન ભૂતકાળની ગંદા નિયમોથી દબાયેલું આજનું માનવીનું જીવન આજ સ્વતંત્રતા મુખ્ય શત્રુઓ છે. જગતમાં ભારતની સરખામણીમાં ભાગ્યેજ બીજા કોઈ દેશ છે. જેની મરેલી પરંપરાઓ એની જીવનની સ્વતંત્રતાને બાંધી રાખેલી હોય. આજ ભારતની મુખ્ય સમસ્યાઓ છે.

જીવનના નિયમો સાથે ઠગાઈ ન કરી શકાય જે જાતિ અને દેશ પોતાના આંતરિક જીવનને મુક્ત કરી શકતો નથી તેની પાસે સાચા અર્થમાં સ્વતંત્રતાની આશા ન કરી શકાય. આજે આપણને સ્વતંત્રતાનો સંવાદ માણવા મળેલ છે. પરંતુ એના બહારના ભાગમાં એ સ્વતંત્રતાની ચમક દેખાય છે. પરંતુ એ ફળના ગર્ભમાં ધૂળ અને રાખ જ મળશે.

આ એક કઠણ શિખામણ છે અને ઘણાને ન ગમતી પણ છે. ભારતને માટે સાચી આશા તેમાં છે કે પરિસ્થિતિઓના બધા નિયમો તોડી એના ભીતરમાં એના આત્મામાં રહેલી સાચી સ્વતંત્રતાને સમજે અને તેનો સ્વિકાર કરે.

ભારતમાં જે કૃષ્ણમૂર્તિના ઘણાં સેન્ટરો છે. મેં મારી પત્ની સાથે ઋષીવેલ ૧૦ દિવસ રહેવાનું મન બનાવ્યું ત્યાં જે કૃષ્ણમૂર્તિ વિચારો છે એ લેખ દ્વારા તમારી સમક્ષ રજૂ કરું છું.

## ગોલ્ડન એજ ગ્રુપનો બારમો કાર્યક્રમ સંપન્ન થયો





ગોલ્ડન એજ ગ્રુપનો બારમો પ્રોગ્રામ તા.૨૭ જુન ૨૦૨૪ના ગુરૂવાર સાંજે ૪ થી ૬ દરમ્યાન વિકાસ સેન્ટર માં આર્ય નિવાસ ટ્રસ્ટ હોલમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ૯૦ મેમ્બરોની હાજરી હતી. મોટી ઉંમરે કમર, ઘૂંટણ વગેરેના દુ:ખાવાની તકલીફો સામાન્ય થઈ ગઈ છે. તેની વિગતવાર વિશેષ જાણકારી મેળવવા માટે ઓર્થોકેર ફિજીયોથેરપી ક્લિનિકના ડો.એસ. વી. રમેશ




(orthopedics and sports)ને એમની ટીમ સાથે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે અલગ અલગ દુ:ખાવાને લગતા કારણો સમજાવીને કઈ કસરતો કરીને એમાંથી રાહત મળે તે દર્શાવ્યું હતું. એમની ક્લિનિકમાં થતા કેમ્પ માટે ગ્રુપને આમંત્રણ આપ્યું હતું. ઘણા મેમ્બરો પોતાની ખાસ તકલીફો વિશે પુછીને એમની પાસેથી સલાહ લીધી હતી. આ પ્રોગ્રામ માટે આર્ય નિવાસ ટ્રસ્ટ હોલ માટે ટ્રસ્ટી સંદિપભાઇ પોપટ તેમજ જરૂરી ટેબલ તેમજ ખુરશીઓ માટે અંકિતા કોર્પોરેશનના જીગર (જય) જીતુભાઈ રાયકુંડલિયાનો સહયોગ મળ્યો હતો. નાસ્તો તેમજ કોલ્ડ ડ્રીંક ગોલ્ડન એજ ગ્રુપ તેમજ ઇલાબેન શાહ તરફથી હતો.

## રિદ્ધિ સિદ્ધિ ગ્રુપ પ્રસ્તુત હાસ્યનું વાવાઝોડું 'હાસ્ય બગીચો'

જે માણસ હસતો નથી તેનો કદાપિ ભરોસો કરશો નહીં. રિદ્ધિ સિદ્ધિ ગ્રુપનો આગામી કાર્યક્રમ હાસ્ય બગીચોનું આયોજન શુક્રવાર, તા.૫ જુલાઈ રાત્રે ૮ કલાકે કાલિદાસ હોલ ખાતે કરવામાં આવ્યું છે. તેજી હોય કે મંદી, હસવું તો પડે. કાઠિયાવાડના બેતાજ બાદશાહ જીલુદાન ગઢવી, સંચાલન–નરેન્દ્ર ગડા અને હાસ્યના ફૂલ–વિજય રાવલ પેટ પકડીને હસાવશે. દરેક દર્દની એક જ દવા છે મન મૂકીને હસવું, તો ચાલો હસી લઈએ. ઝટપટ તમારી ટિકિટ કઢાવો અને આવો હસવા. પ્રેક્ષકોની ઉપસ્થિતિ એજ અમારું સૌભાગ્યુ, પ્રેક્ષકોના આશીર્વાદ એજ અમારો ઉપહાર. ખાસ નોંધ : બાલ્કનીની રૂા.૨૦૦ વાળી ટિકિટ ફક્ત રૂા.૧૦૦માં મળશે. સ્થળ : રિદ્ધિ સિદ્ધિ ટેલર, રાજેન્દ્ર અગરબત્તીવાલા, બીપીએસ પ્લાઝા, દેવીદયાલ રોડ, મુલુંડ (વે). ટિકિટ બુકિંગ ફોન પર પણ આવકાર્ય છે. સંપર્ક રાજેન્દ્ર અગરબત્તીવાલા – ૯૮૨૦૩૦૨૯૦૨, વિશાલ મહેતા – ૯૮૧૯૦૨૬૭૩૭.



જય શ્રી ગાત્રાળ માં | જય શ્રી અંબે માં | શ્રી ગણેશાય નમઃ | જય શ્રી ખોડિયાર માં | જય શ્રી આશાપુરા માં



સ્થાપના ૨૦૧૧ | વર્ષ ૧૪ મું

જીયો પીર | જીયો પઠાપીર બાપા

ભાવભર્યું જાહેર આમંત્રણ

# શ્રી જીયેપીર પઠાપીર દેવસ્થાન સંસ્થા

## મુંબઈ-ગુજરાત



પૂજ્ય શ્રી પઠાપીર શ્રી મહારાજા ગોપીચંદરાય ॐ પૂજ્ય શ્રી પઠાપીર મહારાજા યોગીરાજ શ્રી ગોપીચંદરાયનાથ

તારીખ
૦૭/૦૭/૨૪
રવિવાર
તિથી
અષાઢી
બીજ

ભજન-સંતવાણી કલાકાર



ભજન આરાધક
સંત શ્રી. ઋષભ નાથજી મહારાજ
તથા ઢોલી લાલાભાઈ ઠક્કર અને
સાથી કલાકારો

# જીયેપીર પઠાપીર દેવસ્થાન સંસ્થા

આપ સહુ ભક્તો નું હાર્દિક સ્વાગત કરે છે.

હર વર્ષ પ્રમાણે આ વર્ષે પણ પઠાપીર બાપાની સમુહ પેડી અષાઢ સુદ ૨, તા. ૦૭/૦૭/૨૦૨૪, રવિવાર ના રોજે ઉજવવામાં આવનાર છે. આ શુભ પ્રસંગે આપ સર્વ ભક્ત-ભાવિકો તેમજ એમની નીયાણીયો ને પરિવાર સહિત પધારી મહાપ્રસાદ નો લાભ લેવા સ્નેહભર્યું આમંત્રણ છે.

॥ શ્રી પરસોદાદા ની અસિમ કૃપા ॥

### નિમંત્રક ટ્રસ્ટીઓ - મુંબઈ કમિટી

**શુભેચ્છક સહયોગી**

શ્રી નીતીન ગંગારામ પાંધી
શ્રી જાદવજીભાઈ ઠક્કર
શ્રી સુધીર દામજી કોટેચા
શ્રી છગનભાઈ ભાનુશાલી - (ગુરુકૃપા રાઈસ ટ્રેડર્સ)
શ્રી સ્વસ્તિક ટેડ્રીંગ - પંડ્યાભાઈ

**વાલજી અરજણ ભીંડે ભુવાબાપા**

શ્રી અશ્વિન મોનજી ભીંડે : સંસ્થાપક અધ્યક્ષ
શ્રી બિપીન માવજી ભીંડે : ઉપાધ્યક્ષ
શ્રી પ્રફુલ ખેતશી ભીંડે : સેક્રેટરી
શ્રી નરેન્દ્ર ગોવિંદજી ભીંડે : મહામંત્રી
શ્રી વિનોદ રતનશી ભીંડે : મંત્રી
શ્રી બાદલ અશ્વિન ભીંડે : ખજાનજી

**સેવાધારી સમિતી**

(જય જલારામબાપા વેલ્ફેર અસોસિયેશન પી ગલી)
શ્રી કમલેશ પુરષોત્તમ મજેઠીયા
શ્રી જીતેન્દ્ર ખીમજી મહીંધર, શ્રી નરેશ મોનજી ભિંડે
શ્રી કમલેશ મોનજી ભિંડે, શ્રી ભાવેશ મોનજી ભિંડે
શ્રી વસંતકુમાર શામજી સેજપાલ
શ્રી પ્રવીણ કરૂણાશંકર જોષી

**વિશેષ આભાર** — સંતશ્રી જલારામ બાપાના એક ભકતનુ સંસ્થા ખુબ ખુબ આભાર માને છે.

**આભાર** — શ્રી અક્ષર એગ્રો કમોડીટીસ - કમલેશભાઈ કરસનદાસ ઠક્કર નો ખુબ આભાર

**શુભેચ્છક સેવાધારી સહયોગી** — શ્રી મનોજ પ્રેમજી સેજપાલ (ટારી) જખૌવાળા નો સંસ્થા હૃદયપૂર્વક ખુબ આભાર માને છે.

### કાર્યક્રમની આછેરી ઝલક

| | |
|---|---|
| સ્થાપના (પૂજન) | : સવારે ૧૦.૩૦ કલાકે |
| ભજન | : સાંજે ૫ થી ૯ કલાકે |
| ધૂપ, આરતી | : સાંજે ૭.૦૦ કલાકે |
| ૧૫૧ કન્યા પૂજન | : સાંજે ૭.૩૦ કલાકે |
| પેડી મહાપ્રસાદ | : રાત્રે ૭.૩૦ કલાકે |
| રાસરમઝટ | : રાત્રે ૯ થી ૧૦.૩૦ ક. |



અધ્યક્ષ : અશ્વિન મોનજી ભીંડે

## જીયેપીર પઠાપીર બાપાની સમુહ પેડી

**સ્થળ :** સારથી બેન્કવેટ હૉલ, **બાવાજીની ઝુપડી**, ગણેશ ગાવડે રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૮૧૬૯૦ ૨૩૨૬૨

# વિશ્વવિજેતા ભારત!




બાર્બાડોસની રણભૂમિ પર રમાયેલા ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપના ફાઈનલ જંગમાં ભારતે દક્ષિણ આફ્રિકાને સાત રનથી હરાવીને મેળવેલા ચિત્તથરાક વિજય પછી ફક્ત ભારતમાં જ નહીં, ક્રિકેટના મક્કા મનાતા ઇંગ્લેન્ડથી લઈને અફઘાનિસ્તાન, કેનેડા અને છેક અમેરિકામાં આનંદોત્સવ મનાવવામાં આવી રહ્યો છે. વિશેષતા એ છે કે દક્ષિણ આફ્રિકા પર ભારતે મેળવેલો આ વિજય કેવળ ભારતનો જ નહીં પણ સંપૂર્ણ એશિયા ખંડનો વિજય તરીકે જોવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન અને ભારત વચ્ચે ક્રિકેટ મેચ એટલે જાણે ધર્મયુદ્ધ જ. અન્ય કોઈ દેશની સામે હાર થાય તો તેને ખેલદિલીપૂર્વક સ્વીકારનારા આ દેશો પરસ્પર એકબીજાની સામે હારી જાય તો બંને દેશમાં તેની તીવ્ર પ્રતિક્રિયા આપવામાં આવે છે. પરંતુ આ વખતની ફાઈનલ મેચમાં ભારતની નેત્રદીપક રમત જોઈને પાકિસ્તાની જનતા અને ત્યાંના રમતગમત સમીક્ષકોએ પણ ભારતના બેમોઢે વખાણ કર્યા છે. ક્રિકેટની રમત નિમિત્તે બધા ભેદભાવ ભૂલીને સંપૂર્ણ દેશમાં તો એકતાની ભાવના જાગે જ છે, તે સિવાય વિશ્વભરના ભારતીઓ હાથમાં તિરંગો લઈને રસ્તા પર ઉતરીને જલ્લોષ કરે છે એ આ રમતનું વૈશિષ્ટ્ય. એટલે જ ક્રિકેટની રમતને કારણે આવતી આ એકતા અન્ય રમતોને કારણે પણ આવે એવી સાચા રમતગમત પ્રેમીઓની ઈચ્છા હોવી જોઈએ. ગયા વર્ષે વન ડે વર્લ્ડ કપની ફાઈનલમાં હાથમાં આવેલી વિજયની તક સરી ગયાનો રંજ ભારતીયોને ખટકતો હતો. તેથી જ આ ટી-૨૦ વર્લ્ડ કપમાં ફરી વિશ્વવિજેતાપદ મળવાનો આનંદ હવે સર્વ ભારતીય મનાવી રહ્યા છે. મેચમાં એક સમયે પરિસ્થિતિ પ્રતિકૂળ હોવા છતાં ઉત્કૃષ્ટ રમત રમીને વિજય કેવી રીતે હાંસલ કરવો તેનું ઉદાહરણ ભારતીય ટીમે પૂરું પાડ્યું છે. આ ફાઈનલ મેચમાં વર્લ્ડ કપમાં પ્રથમ વાર જ મોટો સ્કોર કરનારો વિરાટ કોહલી, તેને મળેલો અક્ષર પટેલનો ઉત્કૃષ્ટ સાથ, બોલિંગમાં જસપ્રીત બુમરાહ અને હાર્દિક પટેલનું યોગદાન મહત્વનું હતું. ભારતે આપેલા લક્ષ્યનો પીછો કરવા માટે મેદાનમાં ઉતારેલી દક્ષિણ આફ્રિકાની ટીમને ભારતે શરૂઆતમાં જ બે ઝટકા આપ્યા. પરંતુ તે પછી ક્લાસેન અને મિલરએ શાનદાર બેટિંગ કરતા મેચ લગભગ ભારતના હાથમાંથી સેરવી જ લીધી હતી. પરંતુ ત્યારબાદ મીલરનો સૂર્યકુમારે પકડેલા અપ્રતિમ કેચથી બાજી પલટાઈ ગઈ હતી. જો આ કેચ લેવાયો ન હોત તો તે છગ્ગો જ થયો હોત અને મેચ જીતવાનું લગભગ અશક્ય બની જાત. આમ સમગ્ર ટીમની અપ્રતિમ રમતથી વિશ્વકપ પર ભારતનું નામ કોતરાયું. ૧૯૮૩માં કેપ્ટન કપિલ દેવના નેતૃત્વ હેઠળ જીતેલો પ્રુડેન્શીયલ કપ, ૨૦૦૭ અને ૨૦૧૧માં મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વ હેઠળ જીતેલા વિશ્વકપ બાદ ફરી વિજેતાપદ મેળવવા માટે ૧૩ વર્ષ સુધી રાહ જોવી પડી, પણ આ નિમિત્તે ભારતીય ટીમે જે કામગીરી કરી તે રોમહર્ષક હતી. વિજયની સાથે સાથે આ મેચ ભારતીયો માટે વિશેષ ભાવનાપૂર્ણ હતો કારણ કે કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીની આ આંતરરાષ્ટ્રીય ટી-૨૦માં છેલ્લી મેચ હતી. તેથી આ બંનેએ મેચ જીતવા માટે જબરદસ્ત પ્રયત્નો કર્યા. સેમ્યુઅલ અને સંગકારા પછી ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ૫૦થી વધુ રન કરનારો વિરાટ ત્રીજો બેટ્સમેન બન્યો. એકંદરે રોહિત અને વિરાટએ પોતાની અંતિમ મેચ અવિસ્મરણીય બનાવી ત્યારે બંનેના અને તમામ ભારતીયોની આંખોમાં આનંદાશ્રુ આવ્યાં. ભારતની ક્રિકેટ ટીમના મુખ્ય કોચ રાહુલ દ્રવિડને પણ વિદાયની આ અનુપમ ભેટ મળી. દ્રવિડે અનુભવી અને યુવા ખેલાડીઓ વચ્ચે તાલમેલ બેસાડીને તેમણે ડ્રેસિંગ રૂમનું વાતાવરણ હંમેશા તાણમુક્ત રાખવાનો પ્રયત્ન કર્યો. તેમના આ પ્રયત્નોને આ વિશ્વકપના રૂપમાં ઉચિત યશ મળ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નથી. વેલ ડન ઇન્ડિયા!

## શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજ સાંસ્કૃતિક સમિતિ દ્વારા 'દિવાળી મેલા'નું આયોજન

શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ સાંસ્કૃતિક સમિતિ આયોજિત 'દિવાળી મેલા' રવિવાર તા.૨૦ અને સોમવાર તા.૨૧ ઓક્ટોબરના સવારે ૯ થી રાત્રે ૯ કલાકે ધ પેલેસ બેન્કવેટ હોલ (એસી હોલ), વિકાસ સેન્ટર, મુલુંડ વેસ્ટ સ્થળે યોજાશે.

શ્રી મુલુંડ ક.વિ.ઓ. સમાજ હંમેશા કાંઈક ગતિશીલ અને પ્રગતિશીલ કરવામાં માને છે. નાના મોટા પાયાના ગૃહઉદ્યોગને વિકસાવવામાં આપણા સમાજના ભાઈ-બહેનોનો અમૂલ્ય ફાળો છે. દિવાળી મેલા સમાજના ભાઈ-બહેનોને એક ઉત્તમ પ્લેટફોર્મ આપે છે. જેમાં તેઓ પોતાની કલા-કારીગીરીથી સર્વે સમાજને પોતાના પ્રોડક્ટસની જાણ કરી અને બિઝનેસ નેટવર્ક વધારી શકે છે. આ તક ઝડપી લઈ અને દિવાળી મેલામાં સ્ટોલ બુકિંગ તુરંત કરાવો.

સ્ટોલ બુકીંગ સોમવાર, તા.૮ જુલાઈ ૨૦૨૪ના બપોરે ૨ થી ૫ કલાક શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ ઓફિસ જાનકી નિવાસ, ૧લે માળે, જૂની પ્રગતિ હોસ્પિટલ, ગણેશ ગાવડે ક્રોસ રોડ, મુલુંડ વેસ્ટ.

સ્ટોલ બુકીંગ કરાવતી વખતે પોતાના પ્રોડક્ટસ અને આધાર કાર્ડ સાથે લઈ આવવા વિનંતી.

સંપર્ક નયના દેઢિયા - ૯૮૯૨૨૭૭૫૦૪, પ્રજ્ઞા બોરિચા - ૯૮૬૯૯૫૨૩૦૦, જ્યોતિ ગડા - ૮૧૬૯૦૪૦૭૯૬, ૯૮૨૧૧૪૭૬૬૫, મિતલ દેઢિયા - ૯૩૨૦૪૪૯૦૬૦

## મહાદેવ મહિલા મંડળ દ્વારા માતાની ચોકીનું આયોજન

મહાદેવ મહિલા મંડળ દ્વારા શુક્રવાર તા.૫ જુલાઈના મુક્તેશ્વર મહાદેવ મંદિર, ડંમ્પીંગ રોડ, મુલુંડ (વેસ્ટ) બપોરના ૩ થી ૫ વાગ્યા સુધી માતા કી ચોકી રાખવામાં આવેલ છે. માતાની ચોકીમાં આવવા ભાવીકજનોને ભાવભર્યું આમંત્રણ છે

## શ્રી કચ્છી લોહાણા મહાજન-મુલુંડ દ્વારા નિઃશુલ્ક આઈ ચેકઅપ તથા બ્લડ ટેસ્ટ કેમ્પનું આયોજન

શ્રી કચ્છી લોહાણા મહાજન-મુલુંડ દ્વારા શ્રી કુળદેવશ્રી દરિયાલાલ દાદાના તૃતીય પાટોત્સવ અને કચ્છી નવું વર્ષ અષાઢી બીજ નિમિત્તે રવિવાર, તા.૭ જુલાઈ ૨૦૨૪ના નિઃશુલ્ક આઈ ચેકઅપ કેમ્પ અને બ્લડ ટેસ્ટ કેમ્પનું આયોજન સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી મહાજનવાડી, આર.આર.ટી.રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યું છે. સર્વેને આનો લાભ લેવા વિનંતી.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત ઈર્શાદ ગઝલ કોર્નર...

### .. બીજું શું?

ક્યાંક મળો તો રોકી લેજો બીજું શું?
તબિયત બબિયત પૂછી લેજો બીજું શું?
માફ કરજો, અંગૂઠો મારો નહિ આપું,
મારું માથું કાપી લેજો બીજું શું?
વાંકુંસીધું આંગણું જોવા ના રહેશો,
તક મળે તો નાચી લેજો બીજું શું?
પરસેવાની સોડમ લઈને પત્ર લખું છું,
અત્તર છાંટી વાંચી લેજો બીજું શું?
લડી લડીને તૂટ્યા ત્યારે વકીલ કે' છે,
તમે પરસ્પર સમજી લેજો બીજું શું?
આપ અમારી જોડે રહેજો, ને ના ફાવે તો,
વળતી ગાડી પકડી લેજો બીજું શું?
આજે અમને દાદ ન આપો કાંઈ નહિ,
આજે અમને સાંખી લેજો બીજું શું?
સૂરજ માથે આવે ત્યારે રોજ ખલીલ,
પડછાયાને માપી લેજો બીજું શું?



ખલીલ ધનતેજવી
સંકલન :હરીશ ખોંભડીયા




## રામબાગ માટુંગા દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી કાર્યક્રમ

તા.૭ જુલાઈ રવિવારના સાંજે ૭ કલાકે શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા દ્વારા લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (ઈસ્ટ), સે.રે. રામબાગ પટાંગણમાં કચ્છી નવા વરસ અષાઢી બીજ ઉત્સવ ઉજવણીનું આયોજન કરાયું છે. આ ઉજવણી પ્રસંગે રાજેશ ચવાણ અને પાર્ટી ગીત સંગીત, લોકસાહિત્યની રંગારંગ રમઝટ જમાવશે. કાર્યક્રમ બાદ મહાપ્રસાદની વ્યવસ્થા છે.

ઉત્સવ ઉજવણીમાં સહભાગી થઈ નવા વર્ષને વધાવવા માટે પધારવાનું સહર્ષ આમંત્રણ પ્રમુખ શ્રી, ટ્રસ્ટ મંડળ તથા સમસ્ત કારોબારી પદાધિકારીઓ અને કારોબારી સમિતિ તરફથી અપાયું છે.

Follow us on
/gurjarmat
Website :
www.gurjarmat.com
9322257731

## મુલુંડની સુર્યા આઈ હોસ્પિટલના ડૉ.વિનોદ ગોયલને IMA દ્વારા એવોર્ડથી સન્માનિત કરાયા

મુલુંડની પ્રખ્યાત સુર્યા આઈ હોસ્પિટલના ડો. વિનોદ આર ગોયલને તેમની આંખના રોગો માટેની દીર્ઘ સમયની સેવાઓ બદલ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તાજેતરમાં મુલુંડના કાલિદાસ સભાગૃહ ખાતે ફોર્ટિસ હોસ્પિટલ મહારાષ્ટ્રના ચીફ ડો. નારાયણીના અતિથિ વિશેષ પદે યોજાએલા કાર્યક્રમમાં ડો. વિનોદ ગોયલને આ એવોર્ડ એનાયત કારવામાં આવ્યો હતો.




ડો. ગોયલ ઓપ્થેલ્મોલોજીના ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી ધરાવે છે. ૧૯૮૧થી લઈને આજ સુધી છેલ્લા ૪૩ વર્ષથી કન્સલ્ટિંગ ઓપ્થેલ્મોલોજીસ્ટ તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા છે. તેઓ સુર્યા આઈ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સના સ્થાપક ડિરેક્ટર છે. તેઓ અંધત્વ નિવારી શકાય તેવા ડાયાબિટીક રેટીનોપથી, બાળકોમાં આંખની સમસ્યાઓ જેવા રોગો માટે સક્રિયપણે કમ્યુનિટી સર્વિસીસ કરી રહ્યા છે. ડો. ગોયલએ કોવિડ ૧૯ને કારણે થતા રેટીનલ ઓક્લુઝનના વિશ્વના પ્રથમ કેસનું નિદાન કર્યું હતું. તેઓ ૨૦૦૪-૦૫ દરમ્યાન બોમ્બે ઓપ્થેલ્મોલોજીસ્ટ એસોસિએશનના પ્રેસિડેન્ટ રહી ચૂક્યા છે. આ પદ શોભાવનાર સેન્ટ્રલ સબર્બના તેઓ પ્રથમ ઓપ્થેલ્મોલોજીસ્ટ છે. તેમના ૧૦૦થી વધુ રીસર્ચ પેપર્સ પબ્લિશ થયા છે અને તેમણે ઓપ્થેલ્મોલોજી સંબંધિત અનેક પ્રેઝન્ટેશન્સ આપ્યા છે.

## દેશભરમાં ICUની 3000થી વધુ નર્સોને ટ્રેનિંગ આપનાર ડૉ.જેસલ શેઠનું અનેક એવોર્ડસ દ્વારા સન્માન

ડો. જેસલ શેઠ છેલ્લા ૧૩ વર્ષથી મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલમાં સિનિયર કન્સલ્ટન્ટ પીડિયાટ્રીશિયન (બાળરોગોના નિષ્ણાત) તરીકે કાર્યરત છે. તેઓ જણાવે છે કે તબીબી ક્ષેત્રમાં કામ કરતી નર્સો સારી રીતે પ્રશિક્ષિત (trained) હોય તો ગુણવત્તા (Quality) અને સલામતી (safety)માં સુધારો થાય છે.

આ વિચારને અમલમાં મૂકતાં ડો. જેસલ શેઠે છેલ્લા ૪ વર્ષથી IAP અને મહારાષ્ટ્ર નિયોનેટોલોજી ફોરમના ICU ચેપ્ટર સાથે ઑનલાઇન નર્સિંગ વેબિનાર્સ દ્વારા બાળરોગ અને નવજાત શિશુઓ માટેના ICUની નર્સોને તાલીમ આપવા માટે મેરેથોન શ્રેણીની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમણે ભારતભરમાં મુંબઈ, અમદાવાદ, મેંગલોર, ગોવા, કોચી, ચેન્નાઈ, હૈદરાબાદ, ભુવનેશ્વર, કોલકાતા, જયપુર, અમૃતસર, ચંડીગઢ, સોલાપુર, કોલ્હાપુર, પુણે, સાંગલી, નાગપુર જેવા શહેરોમાં બાળરોગ અને નવજાત શિશુઓ માટેના ICUની નર્સોને તાલીમ



આપવા પ્રત્યક્ષ (offline) વર્કશોપ્સનું આયોજન કર્યું હતું. આ વર્કશોપ્સ દ્વારા ડો. જેસલએ અત્યાર સુધી 3000થી પણ વધુ નર્સોને ટ્રેનિંગ આપી છે.તેઓ જણાવે છે કે તેમની આ સફર જારી રાખતાં તેઓ વધુને વધુ સંખ્યામાં નર્સોને તાલીમ આપતાં રહેશે.

નર્સોને પ્રશિક્ષણ આપવામાં અને તેમના સશક્તિકરણમાં ડો. જેસલ શેઠએ આપેલા યોગદાન બદલ, તેમને આ વર્ષની 30મી જાન્યુઆરીએ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ની મુલુંડ બ્રાંચ દ્વારા એક્સેલેન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો અને ૨૦૨૩માં સોલાપુર ખાતે મહારાષ્ટ્ર નિયોનેટલ ફોરમ દ્વારા પણ એવોર્ડ આપવામાં હતો.


## મનપાનો સપાટો : ફેરિયાઓ પાસેથી હાથગાડી, ગેસ સિલિન્ડર, સ્ટવ, તવો, કઢાઈ જપ્ત કરાયા

મુંબઈમાં 'ફેરિયામુક્ત પરિસર' ઝુંબેશ હેઠળ જુદા જુદા વિસ્તારમાં અંડિગો જમાવી બેસેલા ગેરકાયદે ફેરિયાઓ સામે મુંબઈ મહાનગરપાલિકાના અતિક્રમણ વિભાગે જોરદાર કાર્યવાહી હાથ ધરી છે, જેમાં ૧૮ જૂનથી ૨૪ જૂન, ૨૦૨૪ એક અઠવાડિયામાં જ ૭૧૩ હાથગાડી, ૧૦૩૭ સિલિન્ડરર સહિતનો સામાન જપ્ત કરવામાં આવ્યો છે.

મુંબઈના નાગરિકો ફૂટપાથ પર અને રસ્તા પર આરામથી ચાલી શકે તેમ જ તેમના આરોગ્યને નુકસાન પહોંચાડનારા રસ્તા પર ખુલ્લામાં વેચવામાં આવતા ખાદ્યપદાર્થનું વેચાણ કરનારા ફેરિયાઓ સામે પાલિકા દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે. મુંબઈના જુદા જુદા વોર્ડમાં ગયા અઠવાડિયા દરમિયાન થયેલી કાર્યવાહીમાં જપ્ત કરાયેલ સામાન સામગ્રીમાં ૭૧૩ ફોરવ્હીલર હાથગાડી, ૧૦૩૭ સિલિન્ડર, ૧,૨૪૬ સ્ટોવ, સગડી, તવો, કઢઈ, વાસણો, લોખંડના બાંકડા વગેરે સામાનનો સમાવેશ થાય છે.

તાજેતરમાં પાલિકા કમિશનર અને મુંબઈ પોલીસની એક સંયુક્ત બેઠક યોજાઈ હતી, જેમાં હાઈકોર્ટના નિર્દેશ મુજબ મુંબઈમાં જુદા જુદા વિસ્તારમાં ધંધો કરતા ગેરકાયદે ફેરિયાઓ, બેવારસ વાહનો તથા ફૂટપાથ પરના અતિક્રમણ સામે આકરી કાર્યવાહી કરવાની તેમ જ ગેરકાયદે ફેરિયાઓને દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.



# શ્રી અરિહંત બેંકની મુલુંડ શાખામાં સ્ટેમ્પ ફ્રેન્કીગ કાઉન્ટરની શરૂઆત






સામાન્ય પબ્લિકની સગવડતા માટે શ્રી અરિહંત કો ઓ બેંક લી. ૫૧, સાફલ્ય બિલ્ડીંગ, ડૉ.આંબેડકર રોડ ની મુલુંડ શાખામાં તા. ૦૨ જૂલાઈના સવારે ૯.૪૫ કલાકે બેંકના ડાયરેક્ટર, સીઇઓ, મુલુંડ શાખાના સ્ટાફ તથા આમંત્રિત બેંકના ખાતાધારકોની હાજરીમાં સ્ટેમ્પ ડયુટી ભરવા માટે ફ્રેકિંગ કાઉન્ટર શરૂ કરવામાં આવ્યું હતું. ભારતીય પરંપરા મુજબ પ્રથમ દીપ પ્રાગટ્ય કરી નવકાર મંત્રનું પઠન કરવામાં આવેલ ત્યારબાદ ચેરમેન યશ કારાણીએ પ્રથમ ફ્રેન્કીંગ કરી જનતા સમક્ષ રજૂ કર્યા. આ કાર્ય માટે Heartiest Congratulation to Arihant Bank Management & Entire Team.







શ્રી સમર્થ સ્વામી સામાજિક સંસ્થા, મુલુંડ
(રજિ.નં.૫૯૯/૨૦૧૯)
આયોજિત
સામૂહિક ભાગવત સપ્તાહ કથા મહોત્સવ
કથા પ્રારંભ : ૩-૧૧-૨૦૨૪ થી ૯-૧૧-૨૦૨૪
કથા સમય : બપોરે ૩.૩૦ થી સાંજે ૭.૦૦
પ્રમુખ વકતા

શ્રી.પ.પૂ.આશિષભાઈ વ્યાસ
મુખ્ય યજમાન
શ્રીમતી કમલતાઈ પરશુરામ મિરેકર
શ્રીમતી વનીતા પુનેશ્વર મેશ્રામ (સહયજમાન)
એક શુભેચ્છક
શુભેચ્છક
શ્રી રાજેશભાઈ જમનાદાસ અનમ - શ્રી નાનજીભાઈ ખિમજી ઠક્કર
શ્રી ગીરીશભાઈ કોઠારી - શ્રીમતી માયાબેન કોઠારી
શ્રી વિજયભાઈ કોઠારી - શ્રી રાહુલભાઈ જોષી
શ્રી મેઘજીભાઈ ગોપાલજી મંગે - શ્રી નારાયણ સેવા મંડળ (મુલુંડ)
શ્રીમતી નિતાબેન સોલંકી - શ્રીમતી લતાબેન ચંદે
શ્રી બાલરાજેશ્વર ભક્ત મંડળ
મુખ્ય આચાર્ય

શ્રી દિપક ખરાશંકર પંડયા
આયોજક - શ્રી સંજયભાઈ માળી - 9322848587
કથા પાવન સ્થળ
દયાનંદ વૈદિક વિદ્યાલય ગ્રાઉન્ડ, ચંદનબાગ રોડ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ - ૮૦.
પોથી બુકિંગ ચાલુ છે



ગુર્જરમાત ફન કલબ
વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર
કોઈપણ નોટબુક
72 પેજ, 140 પેજ અને 172 પેજીસ
એક ડઝન પર એક ડઝન ફ્રી
BUY ONE GET ONE FREE

A-4 બુક A-5 બુક લોંગ બુક જમ્બો બુક
B-3, Krishna Kunj, Valji Laddha Road,
Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).
Contact : 98690 05403 / 93222 57731

# મુલુંડ(વે)માં મનોરમા નેત્રાલયનું ડીસીએમ દેવેન્દ્ર ફડણવીસના હસ્તે ગ્રાન્ડ ઓપનીંગ



મુલુંડ (વે)માં પંડિત મદન મોહન માલવિયા રોડ સ્થિત મેરેથોન મોન્ટે પ્લાઝામાં મંગળવાર, તા.૨૫ જૂન ૨૦૨૪ના આંખોની સંભાળમાં 30 વર્ષની ચોક્સાઈ અને શ્રેષ્ઠ સારવાર આપવા માટે જાણીતા ઓફથાલમોલોજીસ્ટ અને પદ્મશ્રી ડૉ.તાત્યારાવ લહાને અને મુલુંડના જાણીતા અને લોકપ્રિય ઓફથાલમોલોજિસ્ટ ડૉ.રોગિની પારેખ દ્વારા એડવાન્સ આઈકેર સેન્ટર મનોરમા નેત્રાલયનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. મનોરમા નેત્રાલયનું ઉદ્‌ઘાટન મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે થયું હતું. આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

# શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશન દ્વારા વૃક્ષારોપણ કરાયું






રવિવાર, તા.૨૩ જૂનના અતુલ કોઠારી, પુત્રી કૃષિતા અને મિત્ર મહેશ રખમાજી લાહોટ સંગે મળીને ભાંડુપ તથા વિક્રોલી ઈસ્ટ, સંભાજી મેદાનમાં ખાડો ખોદી તેને વાંસનો ટેકો આપીને રોપયા હતા અને માટી વાળી પાણી પાયું હતું. વિક્રોલી-ભાંડુપમાં લગાવવા પાછળનું કારણ એ હતું કે મિત્ર આ વિસ્તારમાં રહેતો હોવાથી રોજરોજ એ સ્થળે જઈ રોપેલ ઝાડની દેખરેખ કરી શકે, પાણી આપી શકે અને માવજત કરી શકે. પર્યાવરણ જાગૃતિ માટે કામ કર્યાનું સંતોષ વ્યકત કરતાં અતુલ કોઠારીએ જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ પોતાના ખુશી આનંદના પ્રસંગોએ એક ઝાડ જરૂર લગાવવું જોઈએ અને તેની સંભાળ લઈ મોટું કરવું જોઈએ.

શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશન (સ્વા) દ્વારા રવિવાર, તા.30 જુલાઈના રોજ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ૮ થી ૧૦ ફૂટ ઊંચા ૧૦ બદામના ઝાડ અને ૧૦ કદમ્બના ઝાડનું મુલુંડ, ભાંડુપ અને વિક્રોલી ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. જ્યાં ઝાડ હતા નહીં તે ખાલી જગ્યા પર શુભેચ્છક મિત્ર મહેશ રખમાજી લોહોટએ સૂચવેલી જગ્યા પર તેમની મદદથી આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હોવાનું એસોસિએશનના પ્રમુખ અતુલ કોઠારીએ જણાવ્યું હતું.

આ વરસે ઉનાળામાં ભયંકર ગરમી પડી તેનું કારણ પર્યાવરણનો થઈ રહેલો નાશ હોઈ પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષારોપણ જરૂરી હોવાનું અતુલ કોઠારીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં તેમને શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશનના સદસ્યોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ પ્રવૃત્તિ આગામી સમય દરમ્યાન શરૂ રહેશે એવી તેમણે ખાતરી આપી હતી.









Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda** • **R.N.I. Regn. No. 69568/98**

# મુલુંડવાસી સહિતના પાંચ ટ્રેકર્સ રસ્તો ભૂલી જોખમી સ્થળે પહોંચ્યા, પોલીસે રેસ્ક્યુ કર્યા



મુંબઈના પાંચ ટ્રેકર્સ ત્રણ કોલેજિયન અને બે કોર્પોરેટ એન્જિનિયર જેઓ માણિકગઢપર ટ્રેકિંગ કરવા જતા હતા ત્યારે માર્ગમાં ખોવાઈ ગયા હતા.આ ટ્રેકર્સને રવિવારની સાંજે રાયગઢમાં રસાયણી પોલીસે જ્યાંથી તેઓ 30 કિમી દૂર હતા ત્યાંથી બચાવી લીધા હતા, પાંચેય ટ્રેકર્સ ૨૬સભ્યોના ટ્રેકિંગ ગ્રુપનો ભાગ હતા. તેઓએ કહ્યું કે તેઓ તેમના કેબ ડ્રાઈવરની સલાહને અનુસરીને ખોટો માર્ગ અપનાવ્યો હતો.

આ પાંચમાંથી શ્રેય દંડ (૨૦), ચિરાગ શાહ (૨૦) અને હૃદય ઠક્કર (૧૯) કોલેજિયન છે, જયારે કિરણ ખોના (૨૪) અને યશપાલ મોમાયા (૨૩) કોર્પોરેટ એન્જીનીયર છે અને તેઓ અનુક્રમે ઘાટકોપર અને મુલુંડના રહેવાસી છે. તેઓએ રવિવારની સવારના ૬ વાગ્યાથી તિલક નગર સ્ટેશનથી ટ્રેકિંગ કરવા નીકળ્યા હતા.

ટ્રેનથી પનવેલ પહોંચ્યા પછી આ ૨૬ મેમ્બર્સના ગ્રુપએ ચાર કેબ ભાડે કરી હતી. અગાઉ ઘણું ટ્રેકિંગ કરી ચૂકેલા આ પાંચ જણ એક જ કેબમાં હતા અને કેબ ડ્રાઈવરે તેમને સવારના ૧૦ના સુમારે વડગાંવ વિલેજમાં છોડ્યા હતા. બાકીના ૨૧ ટ્રેકર્સ વાશીવલી ઠાકુરવાડીમાં કેબમાંથી ઉતર્યા હતા અને તેમણે સફળતાપૂર્વક માનેકગઢ સુધી ટ્રેકિંગ કર્યું હતું.

આ પાંચ ટ્રેકર્સ બપોરના દોઢ વાગ્યા સુધી ડુંગરાળ જંગલમાંથી ટ્રેકિંગ કરતા વડગાંવ વિલેજથી 300 ફૂટ ઉપર એક ખીણ જેવી જોખમી જગ્યા પર પહોંચ્યા ત્યારે તેમને સમજાયું કે તેઓ રસ્તો ભૂલી ગયા છે.તેમણે મદદ માટે મોબાઈલથી પોતાનું લોકેશન શેર કરીને પોલીસનો સંપર્ક કર્યો. આ કોલ ખાલાપુર પોલીસ સ્ટેશનથી રસાયણી પોલીસ સ્ટેશન પર ડાયવર્ટ કરવામાં આવ્યો.

રસાયણી પોલીસ ઇન્સ્પેકટર સંજય બાંગરએ ત્રણ કોન્સ્ટેબલ અને એક વાશીવલીના રહેવાસીને મદદ માટે મોકલ્યા. આ રેસ્ક્યુ ટીમ બપોરના ૪ વાગ્યે રસ્તો ભૂલેલા ટ્રેકર્સથી ૧૦૦ મીટર દૂર હતી પરતું તેમની સામેના બીજા પહાડ પર હતી. મદદ માટે આવેલી ટીમના અવાજો સાંભળી ટ્રેકર્સએ તેમનું ધ્યાન દોરવા માટે પોતાના ટી-શર્ટ્સ હલાવીને બૂમો પાડી. રેસ્ક્યુ ટીમએ તેમને ૨૦ મિનીટ સુધી ૫૦૦ મીટર જેટલા ડુંગરાળ જંગલમાંથી લઇ જઈને ટ્રેકિંગ માટે માર્ગદર્શન આપ્યું. આમ મુલુંડ સહિત મુંબઈના યુવકોએ એક દિલધડક ટ્રેકિંગનો અનુભવ મેળવ્યો.

## ગુટકા માટે પૈસા ન આપતાં ત્રણ બંધાણીઓએ સગીરનું ખૂન કર્યું

મહારાષ્ટ્રમાં ગુટકાબંધી લાગુ છે છતાં પણ ખુલ્લે આમ બધા જ પાનના ગલ્લાઓ ઉપર પાન મસાલાના સ્વરૂપમાં ગુટકા વેચાઈ રહ્યા છે. કાળા બજારમાં વધારેલી કિંમતે ગુટકા મળી રહ્યાનું ફરી એક વાર સિદ્ધ થયું છે. આ ગુટકાનું વ્યસન એટલું ખરાબ છે કે ત્રણ શખ્સોએ તેમને ગુટકા માટે પૈસા ન આપ્યા એટલે એક ૧૭ વર્ષના છોકરાની છાતીમાં ચાકૂ મારીને હત્યા કરી હતી.

સૂત્રોએ આપેલી માહિતી અનુસાર ગયા શુક્રવારે મુલુંડ ટેકરી પર ગુટકા ખાવા માટે પૈસા આપ્યા નહીં એટલે ઝઘડો થતાં ત્રણ વ્યક્તિઓએ એક ૧૭ વર્ષીય સગીરનું ખૂન કર્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. મરનાર સગીરનું નામ મોહમ્મદ હુસેન ખાન છે. આ પ્રકરણે પોલીસએ ત્રણે આરોપીઓની ધરપકડ કરી છે.

## સમિતા કાંબલે દ્વારા વૃક્ષારોપણ કરાયું



વટસાવિત્રીના તહેવાર નિમિત્તે માજી નગરસેવિકા સમિતા વિનોદ કાંબલેએ મુલુંડ (વે)માં દેવીદયાલ ગાર્ડનમાં છોડવા રોપીને ઉજવણી કરી હતી. આ પ્રસંગે મેરેથોન ગ્રુપના શ્રીમતી અનસુયાબેન શાહ તથા સ્થાનિક મહિલાઓ હાજર રહી હતી.


Shree Kutchi Dasha Oswal Jain Gyati Mahajan, Mumbai

Anant Pathology Lab

Managed by

SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

[Regd. under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM) Dated 24-2-1988]

KDO

7 ANNIVERSARY Celebration

10% DISCOUNTS ALL IN HOUSE TESTS

ALL TESTS THROUGH METROPOLIS 5% DISCOUNTS

VALIDITY : 15th July 2025

5, Ground Floor, Ladhani House, Valji Ladha Road, Opp. Hira Mongi Hospital, Mulund (West), Mumbai - 400080.

Health Check - Basic Rate: Rs. 1100/- @ Rs 900/-

Tests: CBC with ESR, BLOOD GROUP, FBS & PP/ ( BLOOD SUGAR ), BUN, CREAT, S.BILIRUBIN, LIPID PROFILE, SGPT, SGOT, URINE ROUTINE, STOOL ROUTINE

Health Check - Advanced Rate: Rs. 3500/- @ Rs 2900/-

Tests: CBC with ESR, BLOOD GROUP, FBS & PP (BLOODSUGAR), LIVER PROFILE, RENAL PROFILE, LIPID PROFILE, VIT D3, VITB12, T3 T4 TSH, URINE ROUTINE, STOOL ROUTINE

Health Check - Comprehensive Rate: Rs. 4800/- @ Rs. 3900/-

Tests: CBC with ESR, BLOOD GROUP, FBS & PP (BLOODSUGAR), LIVER PROFILE, RENAL PROFILE, LIPID PROFILE, VIT D3, VITB12, T3 T4 TSH, HBA1C (GLYCOSYLATED HB), PSA (FOR MALE), PAP SMEAR (FOR FEMALE), FERRITIN, URINE ROUTINE, STOOL ROUTINE

Note: Call on 8879990987 to book prior appointment • Please carry this Coupon to avail the discount. • One Coupon valid for one person.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

દ્વારા સંચાલિત

અનંત પેથોલોજી લેબ મુલુંડ જાહેર કરે છે

વિવિધ મેડિકલ યોજના

• અનંત પેથોલોજી લેબ, મુલુંડ મધ્યે નામાંકિત ડોક્ટર દ્વારા સાંજના રાહત દરે ઓપીડી સેવા ઉપલબ્ધ. આ ડોક્ટર જાણીતા ફિઝિશિયન છે અને વધારામાં છાતી(ચેસ્ટ)ના દર્દોના સ્પેશિયાલીસ્ટ છે ( અગાઉથી એપોઇન્ટમેન્ટ લેવી ફરજિયાત છે ).

• તારીખ ૧૬ જુલાઈથી ૨૩ જુલાઈ ૨૦૨૪ સુધી ૭ દિવસ માટે અનંત પેથોલોજી લેબ, મુલુંડ દ્વારા (ઈન હાઉસ) સર્વે ટેસ્ટિંગ દરો ડિસ્કાઉન્ટમાં કરી આપવામાં આવશે.

જે ટેસ્ટ (ચકાસણી) મેટ્રોપોલીસ લેબ દ્વારા થાય છે તેમાં પણ સર્વેને ડિસ્કાઉન્ટ મળશે.

• આ સાથે અમારા સર્વે પેટ્રનો, જેમણે વર્ષ દરમિયાન અનંત પેથોલોજી લેબમાંથી કોઈપણ ટેસ્ટ કરાવી છે ને તેમને વધારાનું એક બોનસ કુપન આપવામાં આવશે, જેથી તેમને ફરી એકવાર, પૂરા વર્ષ દરમ્યાન જ્યારે પણ તેઓ અનંત પેથોલોજી લેબ મુલુંડમાં (ઈન હાઉસ) ટેસ્ટ કરાવશે તો ડિસ્કાઉન્ટ મળશે અને મેટ્રોપોલીસ લેબ ટેસ્ટિંગ માટે ડિસ્કાઉન્ટ વર્ષ દરમિયાન ફરી એકવાર મળશે.

• આ ડિસ્કાઉન્ટ યોજના ૧૫ જુલાઈ ૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

• હેલ્થ ચેકઅપ પ્લાનમાં પણ સ્પેશિયલ ડિસ્કાઉન્ટ કરી આપવામાં આવશે.

ચાલો સૌ સુરક્ષિત રહીએ અને સરકારના નિયમનું અવશ્ય પાલન કરીએ

અનંત પેથોલોજી લેબ

૫, ગ્રાઉન્ડ ફ્લોર, લાધાણી હાઉસ, વાલજી લધ્ધા રોડ, હિરા મોંઘી હૉસ્પિટલની સામે, મુલુંડ(વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : 022-2564 0987, 8879990987